**સુવિચાર**

સબંધને સ્નેહ સાથે જોડશો એટલે સુગંધ આપોઆપ આવશે !

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૮/૦૮/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિ ૐ
PENDAWALA
શ્રાવણ માસ નિમિતે
બનાના ફરાળી ચેવડો
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ શ્રાવણ સુદ-૧૪ વર્ષ : ૧૬ અંક : ૨૦૪


## કોઈ વિઘ્નસંતોષીએ કારસ્તાન કરતાં તંત્ર દોડયુ

# લીલીયા મોટાનાં નીલકંઠ સરોવરમાં કોઈ પદાર્થથી પાણી લીલુ થયું

**સરપંચે મામલતદાર અને પીઆઈને જાણ કરતાં અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા**

**પાણીનો નમૂનો લઈને લેબોરેટરીમાં પૃથ્થકરણ માટે મોકલી દેવાયો**

**સિંહ જેવા પ્રાણીઓનો વસવાટ હોય સરોવર ઉપર બંદોબસ્ત ગોઠવી દેવાયો**

**લેબોરેટરીનાં રીપોર્ટનાં આધારે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે**








લીલીયામોટા : નિલકંઠ સરોવરનું પાણી લીલુ થયું વિચિત્ર પદાર્થ નાખ્યાની આશંકા

લીલીયા મોટા, તા. ૭

લીલીયા શહેરમાં અમરેલી રોડ પર આવેલ નિલકંઠ સરોવરમાં કોઈ રહસ્યમયી પદાર્થ નાખવાથી સરોવરનું પાણી લીલુ થઈ ગયું હતું. આ અંગે લીલીયા સરપંચ ને જાણ કરાતા તેવો દ્વારા લીલીયા મામલતદાર બી.એસ.પટેલ ને જાણ કરી પાણીનાં સેમ્પલ લેવામાં આવ્યાં હતાં. સિંહો તેમજ અન્ય પશુ પક્ષીઓની અવર-જવરવાળા વિસ્તારમાં આવેલ નીલકંઠ સરોવરમાંથી પાણી પીવે છે


**અનુસંધાન પાના ૬ ઉપર**


## ''અમરેલી એક્સપ્રેસ''નાં તંત્રીને રક્ષાબંધન



''અમરેલી એક્સપ્રેસ'' દૈનિકનાં તંત્રી મનોજ રૂપારેલને બ્રહ્માકુમારીઝ સંસ્થાની બહેનોએ રાખડી બાંધીને સુરક્ષા, શાંતિ, સમૃધ્ધિ, તંદુરસ્તી, શકિત, સુખનાં આર્શીવાદ પાઠવ્યા હતા અને સૌ કોઈને નિષ્ઠા-પ્રમાણીકતા અને ધર્મના માર્ગે આગળ વધવાની વર્તમાનપત્રના માધ્યમથી પ્રેરણા આપવા શુભકામના પાઠવી હતી.

**જંગલનાં રાજાની રહેણીકરણી અને મોજમસ્તી પણ મસ્ત-મસ્ત**

# ભૈ વાહ : ધારી નજીકનાં જંગલમાં ૮ સિંહનાં પરિવારનું કુદરતી સૌંદર્ય વચ્ચે ફોટો સેશન કરાવતુ અનેરૂ દ્રશ્ય

**કોઈ સિંહપ્રેમીએ વિડીયો બનાવી સોશ્યલ મીડિયામાં કર્યો વાયરલ**



અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લામાં સૌથી વધુ સિંહોનો વસવાટ હોય ત્યારે સિંહ


**અનુસંધાન પાના ૬ ઉપર**



**ભાવભરી શ્રદ્ધાંજલિ**



**સ્વ.વિવેકભાઈ ભરતભાઈ સીતાપરા**
સ્વ.તા. ૦૬-૦૮-૨૦૨૫

લી.
**શ્રી એમ.ડી.સીતાપરા કોમર્સ કોલેજ**
( અમરેલી )
**કોલેજ સ્ટાફ પરિવાર**

**દુકાન ભાડે આપવાની છે**
અમરેલીના ચિતલરોડ ઉપર રોયલ કોમ્પ્લેક્ષમાં અંડરગ્રાઉન્ડ દુકાન ૧૦ ફુટ પહોળાઈ ૨૦ ફુટ લંબાઈની દુકાન ભાડે આપવાની છે
: સંપર્ક :
૯૪૨૬૯ ૩૮૪૪૨

ફ્રી..... ફ્રી..... ચેકઅપ કેમ્પ.....
વાંકા-ચૂંકા દાંતનાં સ્પેશ્યાલીસ્ટ ડેન્ટીસ દ્વારા ફ્રી (તદ્દન વિનામૂલ્યે) માં નિદાન કરી આપવામાં આવશે...
**ધ્વનિક વાળા**
M.D.S.(ઓર્થોડોન્ટીસ્ટ)
ફ્રી નિદાન તારીખ : ૧૦/૦૮/૨૦૨૫,રવિવાર
સમય : ૧૧ થી ૧ વાગ્યા સુધી
**ૐ ડેન્ટલ કિલનીક**
પહેલો માળ, સારથી કોમ્પ્લેક્સ, લીલીયા રોડ,અમરેલી.
મો.૭૦૧૬૮ ૩૭૧૩૭/મો.૯૦૨૩૦ ૩૦૦૮૯

Sheetal ICE CREAM
**જોઈએ છે**
**ડ્રાઈવર**
(હેવી લાઈસન્સ હોવુ જરૂરી)
અનુભવી અને ઈમાનદાર વ્યક્તિ એ નીચે મુજબના સરનામે ઓરીજનલ હેવી લાઈસન્સ અને આધાર કાર્ડ સાથે માત્ર રૂબરૂ મળવું.
રૂબરૂ મળવાનો સમય : સવારે 9 થી 11
સંપર્ક : જીતેન્દ્રભાઈ HR મેનેજર
શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
પ્લોટ નં. 75 થી 81,GIDC એસ્ટેટ,અમરેલી- 365601.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં આહ્‌વાન, રાજયપાલનાં માર્ગદર્શન અને મુખ્યમંત્રીનાં નેતૃત્વમાં

# અમરેલી જિલ્લાનાં ૧૭,૧૧૮ ખેડૂતોએ અપનાવી પ્રાકૃતિક કૃષિ

જિલ્લાની ૧૮,૯૭૮ એકર જમીનમાં ખેડૂતો દ્વારા થઈ રહી છે ઝેર મુકત ખેતી

દેશી ગાય નિભાવ ખર્ચ યોજના અંતર્ગત ૯૩૬૪ લાભાર્થીઓને ૧૦.૧૧ કરોડની સહાય ચુકવાઈ

જિલ્લાનાં અનેક પ્રગતિશીલ ખેડૂતો હવે ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા

જિલ્લાનાં ૫૯ર ગામ ખાતે ખેડૂતો પ્રાકૃતિક અભિયાનમાં જોડાઈ તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા



અમરેલી, તા. ૭

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનના પગલે આઝાદીના અમૃતમહોત્સવઅંતર્ગતદેશમાંપ્રાકૃતિક ખેતીનુંઅભિયાનશરૂ છે.

રાજયમાં પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શનમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાનેતૃત્વમાંખેડૂતોને ગૌઆધારિતપ્રાકૃતિકખેતીસાથેજોડવા માટે વિશેષ અભિયાન અપનાવવામાં આવ્યું છે, ત્યારે અમરેલીજિલ્લામાં પણ પ્રાકૃતિક ખેતીની પહેલને બહોળા પ્રમાણમાં પ્રતિસાદ મળી રહ્યો છે. જિલ્લાનાઅનેકપ્રગતિશીલખેડૂતોહવેગૌ આધારિતપ્રાકૃતિકખેતીતરફવળ્યાછે.

જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરીનાઆંકડાઓમુજબ, નિદર્શનઅનેફિલ્ડવીઝીટથકીજિલ્લામાં પ્રાકુતિકખેતીનોવ્યાપવધેતેમાટેસતત પ્રયત્નો થઈ રહ્યા છે. જેનાં ભાગરૂપે ૧૭,૧૧૮ ખેડૂતો ૧૮, ૯૭૮ એકર વિસ્તારમાં પ્રાકૃતિક કૃષિ કરતા થયા છે તેમજ પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો માટે દેશીગાયનિભાવખર્ચયોજનાઅતર્ગત ૯,૩૬૪ લાભાર્થીઓને રૂા. ૧૦ કરોડ ૧૧ લાખનીસહાયનિભાવખર્ચસ્વરૂપે આપવામાંઆવી છે.

પ્રાકૃતિકખેતીઅભિયાનના ભાગરૂપે ખેતીવાડી શાખા–આત્મા પ્રોજેકટદ્વારાઅત્યારસુધીમાં૫૯ર ગામ ખાતે વિસ્તરણ તંત્ર મારફત ખેડૂત ગ્રુપ મીટીંગ, રાત્રિ સભા દ્વારા વધુમાં વધુ ખેડૂતોપ્રાકૃતિક અભિયાન સાથે જોડાઈ તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે.

પ્રાકૃતિક ખેતી એટલે પ્રકૃતિના મૂળભૂત સિદ્ધાંતો આધારિત દેશીગાયનાછાણઅનેગૌમૂત્ર થકીઓછા ખર્ચેથતીખેતી. પાકનીવૃદ્ધિમાટેજરૂરી ઈનપુટ (ખેતસામગ્રી) બહારથીનલેતાં, પ્રાકૃતિકસામગ્રીદ્વારાજજાતેખેડૂત પોતે તે બનાવી શકે છે. આમ, ઓછા ખર્ચે યોગ્ય ઉત્પાદન અને આર્થિક વળતર આપતીપ્રાકૃતિકખેતીઆગામીપેઢીને નિરામય સ્વાસ્થ આપવા માટે સીમાચિન્હરૂપ બનીરહેશે.

## અમરેલી : એસ.એચ. ગજેરા કેમ્પસના એથ્લેટિકસ અને બેડમિન્ટન ખેલાડીઓએ SGFIમાં ટોપ–થ્રીમાં સ્થાન મેળવ્યું



અમરેલી, તા. ૭

તારીખ ૨૮ જુલાઈ ૨૦૨૫થી શરૂ ૬૯મી શાળાકીય તાલુકા–જિલ્લા કક્ષા SGFI એથ્લેટીકસ અને બેડમિન્ટન સ્પર્ધાનું આયોજન અમરેલી ખાતે થયું હતું. આ પ્રતિસ્પર્ધામાં વિવિધ શાળાઓના સ્પર્ધકોએઉત્સાહભેર ભાગલીધોહતો. જેમાં શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કુલ અને ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કુલ તેમજ જ્ઞાન શકિત રેસીડેન્સીયલ સ્કુલ ઓફએકસેલન્સનાહોનહારભાઈઓ–બહેનો સ્પર્ધકો ધ્વારા પાર્ટિસિપેશન કરવામાં આવેલ. જેમાં એસ.એચ. ગજેરા કેમ્પસના ખેલાડીઓએ શ્રેષ્ઠ કુશળતા, ટીમ વર્ક અને પ્રતિબધ્ધાતાની સાથે બેસ્ટ પરફોર્મન્સ કરીટોપ–થ્રીમાં સ્થાનમેળવ્યુંછે. તેમાંએથ્લેટીકસગેમમાં અંડર–૧૪ ૬૦૦મીટર દોડ, (૧) સરવાળીયા અજય પ્રથમ સ્થાન (૨) બારૈયા ભૌતિક દ્રિતીય સ્થાન, અંડર–૧૭ ૮૦૦ મીટર દોડ (૧) શિયાળ હસમુખ પ્રથમ સ્થાન મેળવેલ, ૨૦૦ મીટર દોડ (૧) અંડર–૧૪ કંટારીયા પીયુષ પ્રથમ (૨) અંડર–૧૭ ડાંગોદરાદિક્ષિતદ્રિતીય (૩) અંડર–૧૪ મેર કિશન તૃતીય સ્થાન મેળવેલ તેમજ લાંબીકુદ (૧) અંડર–૧૪ કંટારીયા પીયુષ દ્રિતીય (૨) અંડર–૧૭ દુધાત જૈનમ દ્રિતીયસ્થાન મેળવેલહતું. તેમજ બેડમિન્ટન ગેમમાં (૧) પરમાર શ્રધ્ધા પ્રથમ સ્થાન (૨) ચાવડા પ્રિયલ દ્રિતીય સ્થાન (૩) ગોવાતુલસીતૃતીયસ્થાનમેળવેલ તેમજ ૩ વિદ્યાર્થીઓ (૧) રાઠોડ વિશ્વમ (૨) વાળા શિવરાજ સિંહ (૩) પટેલ શિવમ અમરેલી જિલ્લા તરફથી રાજય કક્ષામાં પ્રતિનિધિત્વ કરશે. અનુભવીતજજ્ઞોધ્વારાશિક્ષણકાર્યતેમજ વિદ્યાર્થીઓએ રમત–ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ ધ્વારા પ્રશિક્ષણ મેળવી સિધ્ધીઓપ્રાપ્તકરેલછે. તેબદલસંસ્થાના પ્રમુખવસંતભાઈ ગજેરા, મંત્રીચતુરભાઈ ખુંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી ધ્વારા સ્પર્ધકો અને ટ્રેનર ને અભિનંદન પાઠવવામાંઆવ્યા હતા.

## વીસળીયા ગામે જુગાર રમતાં 3 પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૭

રાજુલાતાલુકાનાવિસળીયા ગામે રહેતા દેવશીભાઈ આતુભાઈ શિયાળ, દિનેશભાઈ છગનભાઈ સરવૈયા, ધીરૂભાઈ માધાભાઈ વાઘેલા, કિશોરભાઈ છગનભાઈ સરવૈયા, ભરતભાઈ સોમાતભાઈ સરવૈયા, રાઘવભાઈ દેગણભાઈ જોળીયા તથા શૈલેષભાઈ સોંડાભાઈ શિયાળ સહિત સાતેયઈસમોવીસળીયાગામેછગનભાઈ માધાભાઈ સરવૈયાના મકાન પાસે જાહેરમાં પૈસાની હાર જીતનો જુગાર રમતા હોય. આ અંગે પીપાવાવ મરીન પોલીસને બાતમી મળતાં દરોડો પાડી રોકડ રકમ રૂપિયા ૧૦,૪૦૦ તથા જુગારના પટમાંથી મળી આવેલ રોકડ રૂપિયા ૮૬૦ મળી કુલ રૂપિયા ૧૧,૨૬૦ના મુદ્દામાલ સાથે દરોડા દરમ્યાન તમામ ઝડપાય જતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## ભલગામનાં વિદ્યાર્થીઓની મુશ્કેલી વધી

## બગસરા–મેંદરડા રૂટની એસ.ટી. બસનાં રૂટમાં ફેરફાર કરાતાં વિદ્યાર્થીઓ દ્વારા ચકકાજામ

૪૦ જેટલા વિદ્યાર્થીઓને શાળાએ જવામાં પરેશાની



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૭

બગસરામેંદરડાબસનેઅન્ય ગામોમાંથી ડાયવર્ટ કર્તા વિદ્યાર્થીઓ દ્વારા ભલગામ ગામે ચક્કાજામ કરવામાં આવ્યું. વર્ષોથીઆ બસ ડાયરેકટ મેંદરડા વાયાભલગામથઈ વિસાવદરથીચાલતી હતી પરંતુ હાલમાં થોડા દિવશથી બગસરા ડેપો દ્વારા આ બસ ને કડાયા ઘોડાસર જેવા ગામોમાંથઈનેવિસાવદર કરવામાં આવતા જાંબુડા ઢેબર જેવા ગામો કપાઈ જતા વિદ્યાર્થીઓ ને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે તેમજ આ ગામોમાં ફરવા જવાથી ભલગામ ગામમાં જેબસ એકવાગે પહોંચતીહતી. તે હવે બે વાગ્યાં પછી પહોંચે છે. જેના હિસાબે આ ગામોમાંથી ૪૦ કરતા વધારે વિદ્યાર્થીઓ આવતા જતા હોઈ છે પરંતુ હવે જયારે આ બસને ડાયવર્ટ કરવામાંઆવતા આ તમામ વિદ્યાર્થીઓ ને સ્કૂલે જવા માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ત્યારે આ બસમાં વધુ પડતી વિદ્યાર્થીનીઓ અપડાઉન કરતી હોવાથી આ દીકરીઓ ને ભારે મુસીબતનો સામનો કરવો પડે છે. જેથી આજે વિદ્યાર્થીઓ રોશે ભરાયા અને ભલગામ ખાતે ચક્કા જામ કરવામાં આવ્યું હતું. જયારે આ બાબતે ડેપો મેનેજર બગસરા ને પૂછતાં તેમણે જણાવ્યું કે આજે વાહનમાં ખરાબી હોવાથી લેટ થઈ હતી પરંતુ વાસ્તવમાં આ બસને અન્ય ગામડામાંફેરવાવવામાં આવતી હોવાથી છેલ્લા ઘણા દિવસથી લેટ આવવાથી અંતે આજે વિદ્યાર્થીઓ દ્વારા ચક્કાજામ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આ બસનો રૂટ ફેરવાથી આવકમાં પણ ઘટાડો થયો છે.

## જાફરાબાદ ખાતે ''હર ઘર તિરંગા'' અંતર્ગત ભાજપની બેઠક યોજાઈ



જાફરાબાદ, તા. ૭

૧૫મી ઓગસ્ટ ભારત દેશના સ્વતંત્રતાના શુભ અવસરે હર ઘર તિરંગા અને તિરંગા યાત્રાના ભાગરૂપે જાફરાબાદ શહેર તેમજ તાલુકા ભાજપની બેઠક જાફરાબાદ તાલુકા પંચાયત કચેરી ખાતે યોજાઈ.

જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીની સૂચના મુજબ જિલ્લા ભાજપ મહામંત્રી પીઠાભાઈ નકુમ રવુભાઈ ખુમાણ બેઠકમાં ઉપસ્થિત રહીને આગામી કાર્યક્રમને સફળ બનાવવા માટે માર્ગદર્શન આપ્યું.

## દામનગરમાં જાહેર શૌચાલયમાં સફાઈનાં અભાવે ગંદકીનો માહોલ



તસ્વીર : નટુભાઈ ભાતિયા–દામનગર

દામનગર, તા. ૭

દામનગર શહેરમાં આવેલ પ્રાથમિક શાળા નંબર – ૧ની દિવાલને અડીને આવેલ જાહેર મુતરડીમાં કચરો અને સફાઈના અભાવે સખત દુર્ગંધ આવતી હોય નિયમિત સારી રીતે સફાઈ કરવામાં આવે એવી માંગ ઉઠી છે.

### જાગૃત નાગરિકે જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવ્યો

## અમરેલી જિલ્લાની અનેક ગ્રામ પંચાયતોમાં થતી લગ્ન નોંધણીની તટસ્થ તપાસ કરો

તટસ્થ તપાસ ન થાય તો આંદોલનની ચીમકી અપાઈ

અમરેલી, તા. ૭

અમરેલીનાં એક જાગૃત નાગરિકે જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, બગસરા તાલુકાનુ જામકા, હામાપુર તથા મોટા લીલીયા ગામ છે. તેમજ ધ્યાને ન હોય તેવી ગ્રામ પંચાયતની પણ તપાસ કરવામાં આવે. અમરેલી જિલ્લાના તમામ તાલુકાનમા તમામ ગ્રામ પંચાયત કચેરીના તલાટી મંત્રીઓ પાસેથી તા. ૧/૧/૨૪ થી ૭/૮/૨૫ સુધીમાં નોંધાયેલ લગ્નોની યાદી સંખ્યાની માહિતી મગાવવામાં આવે કેમ કે આવા ખોટા લગ્નો નોંધવામાં લગ્નનુ સ્થળ, ગોર, સાક્ષીઓ વધુ એક સમાન જ હોય છે. અને આવા મંત્રીઓ વચેટીયાઓ અને દલાલો પાસેથી એક લગ્ન નોંધી આપવા માટે ૮ થી ૧૦ હજાર રૂપિયા ભ્રષ્ટાચાર પેટે લઈને આવા ખોટા લગ્નની નોંધણી કરે છે હકીકતમાં આવા લગ્નોની વિધી થયેલ જ હોતી નથી કે લગ્ન જે ગામમાંઅ નોંધવામાં આવેલા હોય છે તે ગામની કન્યા કે વર કોઈ હોતુ જ નથી તા. ૧૫/૮/૨૫ સુધીમાં આ કૌભાંડની તપાસ કરીને આવા ભ્રષ્ટાચારી તલાટી મંત્રીઓ સામે પોલીસ ફરિયાદ કરવામાં આવે અને તેમને ભ્રષ્ટાચારથી મેળવેલા પૈસા રિકવર કરવામાં આવે અન્યથા સમાજે એક મંચ પર ભેગા થઈ કચેરી ખાતે એક મોટુ આંદોલન કરીશુ અને જરૂર જણાયે ગાંધી ચિંધ્યા માર્ગે પણ જઈશુ અને આ બાબતે જે કઈ પરવાર નુકસાન થાય કે કોઈને જાનહાની થાય તો તેમની સંપુર્ણ જવાબદારી જિલ્લા રજીસ્ટ્રાર તરીકે અને જિલ્લા વિકાસ અધિકારી તરીકે આપની રહેશે.

## ચીફ ઓફિસર અનેક આવ્યા અને બદલી થઈને ગયા પાલિકાનાં વહીવટમાં કોઈ સુધારો નહી

# અમરેલીમાં બંધ સ્ટ્રીટલાઈટ, રખડતા પશુઓ અને બિસ્માર માર્ગો

**ચિતલ રોડ ઉપરની અનેક સ્ટ્રીટલાઈટ બંધ તો ઓમનગર તરફ જતાં માર્ગની પણ લાઈટ બંધ**

**બસપોર્ટથી રેલ્વે સ્ટેશન, જિલ્લા પંચાયત માર્ગ સહિતની સ્ટ્રીટલાઈટ બંધ**

**પાલિકા કચેરીની બગલમાં જુના પોલીસ સ્ટેશન નજીક ભયજનક ખાડા**

**પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસર પગપાળા શહેરમાં ફરે તો સમસ્યાની ગંભીરતા સમજાય**







અમરેલી, તા. ૭

અમરેલી એ જિલ્લાનું મુખ્યમથક છે. શહેરની જનસંખ્યા દોઢ લાખ સુધી પહોંચી છે. દર વર્ષે પાલિકાની તિજોરીમાં શહેરીજનોની સુવિધા અર્થે કરોડો રૂપિયા આવક થતી હોવા છતાં અને અનેક ચીફ ઓફિસર આવ્યા અને બદલી પામીને રવાના થયા છતાં શહેરમાં સુવિધામાં કોઈ સુધાર થતો નથી. મોટાભાગના નગરસેવકો પણ નિષ્ક્રીય જોવા મળી રહ્યા છે.

એક તરફ નાયબ દંડક સતત વિકાસ માટે દોડધામ કરે છે. પરંતુ તેઓ પણ પાલિકાના વહીવટથી ત્રાહીમામ પોકારી ગયા હોય તેવુ જોવા મળે છે. શહેરમાં હાર્દસમાં વિસ્તારમાં પણ સ્ટ્રીટ લાઈટ બંધ હોય, માર્ગમાં ખાડા હોય, રખડતા પશુઓ હોય છતાં પાલિકાનાં શાસકોને કોઈ ચિંતા નથી.

એક તરફ ચિતલ રોડને પહોળો કરવાની કામગીરી શરૂ હોય એક માર્ગ શરૂ હોય સતત વાહનોની અવર જવર છતાં ફુટપાથ દુર કરીને કરવામાં આવેલ પથ્થરનો ઢગલો દુર કરતો નથી. નુતન હાઈસ્કુલ સામેની લાઈટ ૧૫ દિવસથી બંધ છે. તો ચિતલ રોડથી ઓમનગર તરફ જતાં માર્ગની લાઈટ પણ પાંચ દિવસથી બંધ છે. તો બસપોર્ટથી રેલ્વે સ્ટેશન તરફ જતાં અને જિલ્લા પંચાયત તરફ જતાં માર્ગની અનેક લાઈટ બંધ છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે, પાલિકા કચેરીની બગલમાં જુના પોલીસ સ્ટેશનનાં દરવાજા નજીક માર્ગ ઉબડ ખાબડ હોવા છતાં કોઈને કાંઈ પડી નથી અને રખડતા પશુઓની સમસ્યા દિનપ્રતીદિન વિકરાળ બની છે. તો પોસ્ટ ઓફિસ નજીકના માર્ગ ઉપર જીવલેણ ખાડાઓ જોવા મળી રહયા છે.

આગામી મહિનાઓમાં આવી રહેલી પાલિકાની ચુંટણીમાં સત્તાધારી પક્ષ ભાજપને મત માંગવા જતી વેળા શહેરીજનોનાં રોષનો સામનો કરવો પડે તો નવાઈ નહી.

## વેપારી મહામંડળ અને નવનાત વણીક સમાજનાં પ્રમુખ તેમજ

# સાવરકુંડલા પાલિકાનાં પૂર્વ પ્રમુખ અને નાગરિક બેન્કનાં પૂર્વ ચેરમેન રાજુભાઈ દોશીનો આજે જન્મદિવસ

**મિત્રો, શુભેચ્છકો દ્વારા મો. ૯૮૭૯૫ ૮૦૬૯૦ પર અભિનંદનવર્ષા**

સાવરકુંડલા, તા. ૭

સારવકુંડલા પાલિકાના બે ટર્મ પ્રમુખ રહેલ સતત ૧૦ વર્ષ સાવરકુંડલા નાગરિક બેંકના એમ.ડી. પ્રમુખ રહેલ રાજુભાઈ દોશીનો આજે ૮/૮/૨૦૨૫ના રોજ જન્મ દિવસ છે.

હાલ સાવરકુંડલા વેપારી મહામંડળના પ્રમુખ તથા નવનાત વણીક સમાજના પ્રમુખ તરીકે જવાબદારી નીભાવી રહ્યા છે.

નગરપાલિકા, નાગરિક બેંક, વેપારીમંડળ, પત્રકાર સંઘ વગેરે સંસ્થામાં સફળ સેવા બજાવી શહેરમાં જીહેર જીવનના સફળ સુકાની તરીકેની છાપ ધરાવે છે.



માત્ર જાહેર જીવન જ નહિ. પરંતુ શહેરનાં સૌથી સફળ બીજનેસ મેન તરીકે ઉપસી આવ્યા છે. જૈન સમાજ જેની નાની જ્ઞાતિમાં જન્મેલ એકલવીર એકયુરેટ ઓટો એજન્સી (હિરો ટુ વ્હીલર), એકયુરેટ ઈલેકટ્રોનિકસ મોલ, એકયુરેટ ફર્નિચર મોલ, એકયુરેટ પેટ્રોલ પંપ તથા એકયુરેટ બીલ્ડરનાં પણ સુકાની છે.

રાજુભાઈની સફળ જાહેર જીવનની તથા સફળ બીજનેસની સફળતાનું કારણ તેઓ શહેર તથા તાલુકાની જનતાના પ્રેમને આભારી સમજે છે. સામાજીક તથા શારિરીક અનેક સમસ્યાનો સામનો કરી અડીખમ ઉભેલા રાજુભાઈ દોશીનાં મો.નં. ૯૮૭૯૫ ૮૦૬૯૦ પર અભિનંદન વર્ષી રહ્યા છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

સંજય ટાયર્સ સંજય ટ્રેડલીંક
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કુલ સામે, અમરેલી
સફારી પાર્ક, લાઠી બાયપાસ રોડ, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ પ્લેટ -ઘરા, જેક-ફીલ્ટર, બેટરી રીટેઈલ તથા હોલસેલ
કોમ્પ્યુટર રાઈઝ એલાઈમેન્ટ, બેલેનસીંગ, ઓટોમેટીક ટાયર ફીટીંગ, નાઈટ્રોજન એર, સર્વિસ ઉપલબ્ધ





YOKOHAMA CEAT JK TYRE MRF apollo EUROGRIP BRIDGESTONE GOODYEAR ALLIANCE MICHELIN Castrol HP TAPARIA BOSCH ASCENSO RUBBER KING JAINSON

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન ઈ-સ્ટેમ્પ
ઉપલબ્ધ સુવિધાઓ
CSC E-governance Services India Limited
E STAMP
પાનકાર્ડ | લાઈટ/ગેસ બીલ
પાસપોર્ટ | રેલ્વે/બસ/એર બુકીંગ
વાહન ઈન્શ્યોરન્સ | મની ટ્રાન્સફર
ફાસ્ટેગ | જીવન પ્રમાણપત્ર સર્ટી.
દરેક પ્રકારના રીચાર્જ | IT / GST રીટર્ન
વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
95 86 86 86 45

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL





મારૂતિ સુઝુકી ઓથોરાઈઝડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999





Hero
Destini 125
VIDA
નવનીત ઓટો સેન્ટર
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

YAMAHA RACING યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
FZS-Fi
lord of the streets





Side Stand Engine cut-off Switch | Light Weight 135kg | 3D Emblem | Durable 149cc fuel injection Engine | Two-level Single Piece Seat
- ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪





પવિત્ર શ્રાવણ નિમિતે
ટોપરાપાક, શિંગપાક, સ્પે. માવાના પેંડા, ફરાળી ગુલાબ જાંબુ
ફરાળી ચેવડો ■ બટેટા વેફર ■ કેળા વેફર
હાજરમાં મળશે
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
શિવ ફરસાણ (ધારીવાળા)
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨
મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

શ્રવણ કાન-નાક ગળાની હોસ્પિટલ
ડો.કૃતિકા હિતેશ શાહ
: ઉપલબ્ધ સારવાર :
» કાનમાંથી નિકળતી રસી, ફુગ, મેલ માટે નિદાન અને સારવાર
» કાનના પડદાના કાણા તથા સડાનું આધુનિક સાધનો દ્વારા ઓપરેશન » કાનની બુદ્દનું ઓપરેશન
» એલર્જી, ચક્કર, સાયનસનું નિદાન અને સારવાર
» સ્વર પેટીનાં મસા, ચાંદી વગેરેનું નિદાન અને સારવાર
» એન્ડોસ્કોપિક સર્જરી, માઈક્રો ઈઅર સર્જરી
» $CO_2$ લેસર સર્જરી
» થાઈરોઈડ, લાળગ્રંથીના ઓપરેશન
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૭:૩૦
સ્થળ : ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૪૫૭





Shine 100 DX
SOLID HAI
BOOKINGS OPEN FROM 1st AUGUST'25
પરીખ હોન્ડા | રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

### વડોદરા SBI હોમલોન કાંડ

# બેંકના અધિકૃત એજન્ટોએ અન્ય થર્ડ પાર્ટી એજન્ટો સાથે મળીને કરોડોનો કાંડ કર્યો

## SBI બ્રાન્ચમાં ૧.૯૭ કરોડના લોન કૌભાંડમાં ૧૬ લોકો સામે ફરિયાદ નોંધાઈ છે આ તમામ પર બોગસ દસ્તાવેજોને આધારે લોન મંજૂર કરાવવાના આરોપ છે

વડોદરા , તા.૭

વડોદરામાં કથિત રીતે બેંકના અધિકૃત એજન્ટોએ અન્ય થર્ડ પાર્ટી એજન્ટો સાથે મળીને ભારતની સૌથી મોટી એવી SBI બેંક સાથે કરોડોનો કાંડ કરી નાખ્યો છે. આ કૌભાંડનો મામલો છે વડોદરા શહેરમાં ઈલોરાપાર્ક ખાતે આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની બ્રાન્ચનો. જ્યાંના ચીફ મેનેજર યજ્ઞેશ પટેલે આ મામલે કુલ ૧૬ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાવતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો છે.

આ આખો કાંડ સમજવા માટે ખાસ કરીને ઈલોરાપાર્ક બ્રાન્ચની SBI બેંકમાં હોમ લોનની આખી પ્રોસેસ જાણવી જરૂરી છે. ચીફ મેનેજર યજ્ઞેશ પટેલના કહેવા અનુસાર, અહીં હોમ લોન માટે SBI બેંક અને પ્રવિણચંદ્ર એન્ડ એસોસિએટ્સ નામની એક પેઢી વચ્ચે કરાર થયા છે. જે અનુસાર બેંકમાં કોઈપણ વ્યક્તિ હોમ લોન માટે અરજી કરે, ત્યારે પ્રવિણચંદ્ર એન્ડ એસોસિએટ્સ પેઢી, તે લોન અરજદારના દસ્તાવેજોને આધારે ફિલ્ડ વિઝિટ કરી, એક રિપોર્ટ તૈયાર કરશે. જેમાં લોન અરજદારની પ્રોપર્ટી, તેની નોકરી, નોકરી પરનો હોદ્દો અને અન્ય જરૂરી દસ્તાવેજોને ધ્યાને લેવાય છે. પ્રવિણચંદ્ર એન્ડ એસોસિએટ્સ પેઢી આ તમામ પાસાને ધ્યાને લઈને રિપોર્ટ તૈયાર કરી, બેંકમાં સબમિટ કરે છે અને બેંક આ રિપોર્ટને આધારે લોન મંજૂર કરવી કે કેમ તેનો નિર્ણય કરે છે. લોન લેનારનું એક જ સપનું હોય છે કે, તેમના પોતાના નામનું એક ઘર હોય. પરંતુ લોન માટેની આ આખી પ્રોસેસમાં હોમ લોન લેનારને પેપર વર્કનું કોઈ જરૂરી જ્ઞાન હોતું નથી, એ માટે તેઓ અન્ય કોઈ એજન્ટનો સંપર્ક કરે છે અને આ બાબતે વધુ કાંઈ વિચાર્યા વિના વચેટીયા એજન્ટો કહે, તેમ લોન અરજદારો કરતા જાય છે. અમુક કિસ્સામાં આ બાબતનો ફાયદો ઉઠાવીને વચ્ચેટીયાઓ કાંડ કરતા હોય છે પરંતુ અહીં ઈલોરાપાર્ક બ્રાન્ચની SBI બેંકમાં માત્ર વચેટીયા એજન્ટો જ નહીં, પરંતુ લોનધારકો, પેઢીના કર્મચારીઓ બેંકના અધિકૃત એજન્ટોએ સાથે મળીને કરોડો રૂપિયાનો આ કાંડ કરી નાખ્યો છે આવું પોલીસ ફરિયાદમાં દર્શાવવામાં આવ્યું છે.પોલીસ ફરિયાદ મુજબ, આ કૌભાંડ વર્ષ ૨૦૨૧-૨૨માં થયું છે. આ સમય દરમિયાન ૬ જેટલા અરજદારોએ વચેટીયા એજન્ટોના માધ્યમથી ઈલોરાપાર્ક બ્રાન્ચની SBI બેંકમાં હોમ લોન માટે અરજી કરી હતી. જે આ આખી પ્રોસેસ બાદ મંજૂર પણ થઈ, જેની કુલ કિંમત ૧.૯૭ કરોડની છે. પરંતુ સમય જતાં આ તમામ લોનધારકોએ હપ્તા (EMI) ભરવાનું બંધ કરી દેતા બેંકે તપાસ શરુ કરી અને તપાસ દરમિયાન ચોંકાવનારા ઘટસ્ફોટ થતા આખો મામલો પ્રકાશમાં આવ્યો છે.

બેંકે તપાસ માટે લોન ધારકોના દસ્તાવેજોને આધારે બેંકના કર્મચારીઓને ફિલ્ડ વિઝીટ માટે મોકલ્યા હતા. જે દરમિયાન જાણવા મળ્યું કે, ડોક્યુમેન્ટમાં ઉલ્લેખ મુજબ લોનધારકો તે સ્થળે નોકરી કરતા નથી અને આ તમામ દસ્તાવેજો બોગસ છે. એજન્ટોએ આ ૬ લોનધારકો માટે લોનની રકમ મુજબ કોઈને પ્રોજેક્ટ મેનેજર તો કોઈને સ્ટોર સુપરવાઈઝર બતાવીને ખોટા દસ્તાવેજો ઉભા કર્યા છે. આટલું જ નહીં આ એજન્ટોએ ઈક્મ ટેક્સના ફોર્મ-૧૬, બેંક સ્ટેટમેન્ટ અને પગાર સ્લીપ જેવા દસ્તાવેજો પણ બોગસ રીતે બનાવેલા છે. આ માટે તેમને ૧.૭૦ લાખનું કમિશન મળતું હોવાનો ઘટસ્ફોટ થયો છે.

તપાસમાં જાણવા મળ્યું કે, આ બોગસ દસ્તાવેજોની ફાઈલ એજન્ટો બેંકમાં સબમિટ કરતા હતા, જે બાદ બેંક અને પ્રવિણચંદ્ર એન્ડ એસોસિએટ્સ વચ્ચેના કરાર મુજબ પ્રવિણચંદ્ર એન્ડ એસોસિએટ્સના કર્મચારીઓ આ લોનધારકોની નોકરીના સ્થળની મુલાકાત લીધી અને ત્યાં લોનધારકોની નોકરી ન હોવા છતાં ઈન્કટેક્સના ફોર્મ-૧૬, બેંક સ્ટેટમેન્ટ અને પગાર સ્લીપ જેવા બોગસ દસ્તાવેજોની સાચા તરીકે ખરાઈ કરી, બોગસ રિપોર્ટ તૈયાર કર્યો હતો અને તેને બેંકમાં સબમિટ કર્યો હતો. જે રિપોર્ટ્સને આધારે બેંકે આ તમામ ૬ અરજદારોને મળીને કુલ ૧.૯૭ કરોડની લોન આપી દીધી હતી.જોકે આ સમગ્ર મામલો પ્રકાશમાં આવતા બેંકના ચીફ મેનેજર યજ્ઞેશ પટેલે આખા કાંડમાં સામેલ ૬ લોનધારકો સહિત, બોગસ દસ્તાવેજો બનાવનાર ૩ એજન્ટો, ફિલ્ડ વિઝીટ કરી ખોટા દસ્તાવેજોની સાચો હોવાની ખરાઈ કરનાર પ્રવિણચંદ્ર એન્ડ એસો.ના ૫ કર્મચારીઓ અને બેંકમાં લોન પાસ કરાવનાર બેંકના ૨ અધિકૃત એજન્ટ મળી કુલ ૧૬ લોકો સામે ફરિયાદ નોંધાવી છે અને પોલીસે હાલ આ મામલે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

નોંધનીય છે કે, દરેક માણસનું સપનું હોય છે કે, તેના નામનું એક ઘર હોય અને આ સપનું પુરુ કરાવવા માટે બેંકોએ સરળ ઉપાય શોધી કાઢ્યો છે હોમ લોન. પરંતુ આ માટે પણ થોડા કાયદા-કાનુન અને પ્રોપર પેપર વર્ક જરૂરી છે. જે માટેની તમામ સુવિધા પુરી પાડી સામાન્ય વ્યક્તિ (લોન ધારક) અને બેંકો (લોન આપનાર) વચ્ચેનો એક બ્રિજ બને છે એજન્ટો. જેને આપણે આમ બોલચાલની ભાષામાં વચેટીયાઓ કહીએ છીએ. આવા વચેટીયાઓ સાથે મળીને રખડતા-ફરતા લોકોએ SBI જેવી નામચીન બેંકમાં હોમ લોનના નામે કરોડોનો કાંડ કરી નાખ્યો છે. જે ઘટનાએ ગુજરાતભરમાં હાલ ચર્ચા જગાવી છે.

### હેરફેર કરનાર ગાડી પકડાઈ

# આંગણવાડીના પૌષ્ટિક આહારનો જથ્થો કાળાબજારમા ફેરવાયો

## પ્રાંતિજ પોલીસે ૨૦૦ બોરીઓ ભરેલી પીકઅપ ડાલું પકડી છે આ કૌભાંડમાં કોણ સામેલ છે

મહીસાગર, તા,૭

મહીસાગર જિલ્લાનો આંગણવાડીનો પૌષ્ટિક આહારનો જથ્થો મોટા પ્રમાણમાં કાળા બજારમાં વેચાતો હોવાની ગંભીર ઘટના સામે આવી છે. જે મામલે પોસીલને જાણ થતા જે સાબરકાંઠાની પ્રાતીજ પોલીસે આ તમામ જથ્થાને ઝડપી પાડ્યો છે. ત્યારે આંગણવાડીના આ નાના ભુલકાઓ અને સગર્ભા તેમજ ધાત્રી માતાને આપવામાં આવતો પૌષ્ટિક આહારનો કોળિયો છીનવાયો આંખરે કોણ છે આ કાળા બાજરી પોલીસ તપાસનો વિષય બન્યો છે.એક બાળકના જીવનની શરુઆત માની કોખમાંથી થાય છે અને તેનું ભણતર આંગણવાડીઓમાં "પા પા પગલી"થી શરૂ થાય છે, આ માટે સગર્ભાવસ્થા અને ધાત્રીવસ્થા માતાઓને તથા જન્મ બાદ પણ કોઈ બાળક કુપોષિત ના રહે તે માટે સરકાર આંગણવાડી કેન્દ્રોમાં જ પોષણયુક્ત આહાર આપવાની વ્યવસ્થા કરી આપે છે. પરંતુ આવા અમુક વચેટીયાઓ આવી સુવિધાનો ગેરફાયદો ઉથાવીને સરકાર અને આમ જનતાને મુર્ખ બનાવે છે, આવા જ એક કૌભાંડનો પર્દાફાશ હાલ મહીસાગર જિલ્લામાં થયો છે.

સરકારની આ યોજનાની એસી તેસી કરી કાળા બજારમાં વેચી દેવાનું મસ મોટુ કૌભાંડ સામે આવ્યું છે. જે બાબતે પોલીસને જાણ થતા સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસ એક્શનમાં આવી છે અને મહીસાગર જિલ્લાનું GJ-૩૫-T-૪૯૬૯ નંબરના પીકઅપ ડાલુ ઝડપી પાડ્યું છે જેમાં બાલશક્તિ, માતૃશક્તિ અને પૂર્ણાશક્તિ ૧૦-૧૦ કિલોની ૨૦૦ જેટલી બોરીઓ ભરેલી મળી આવી છે. ત્યારે આ પિકઅપ ડાલું મહીસાગર જિલ્લાના ચાર તાલુકાની આંગણવાડી કેન્દ્રોનો સ્ટોક સપ્લાયરનું હોવાનું સામે આવ્યું છે.મહિસાગર જિલ્લાના બાળ વિકાસ અધિકારી દક્ષા તાવીયાડએ આ મામલે જણાવ્યું કે, આ વેન ચોક્કસથી મહિસાગર જિલ્લાની નંબર પ્લેટ સાથે પકડાઈ છે, પરંતુ આ અનાજનો જથ્થો કયા કેન્દ્રનો છેએ હજુ સુધી જાણી શકાયું નથી. આ ઘટના બાબતે ગત તારીખ ૪ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ વીડિયો કોન્ફરન્સ મારફતે સરકારની રિવ્યુ મિટીંગ યોજાઈ હતી અને મે અને જૂનના તમામ ઘટક પર મોકલાયેલા સ્ટોકના પ્રમાણ પત્રોની ખરાઈ કરાઈ રહી છે અને વધુ તપાસ ચાલી રહી છે.નોંધનીય છે કે,આ કાર્યવાહી દરમિયાન ગાડીના ડ્રાઈવરને પૂછતાં જાણવા મળ્યું કે, આજથી પંદર દિવસ પહેલા આ પીકઅપ ડાલું ભાડે સપ્લાયરે વિરપુરથી મોકલ્યું હતું અને ૧૫ દિવસથી આંગણવાડીના પૌષ્ટિક આહારના જથ્થોઓની બોરીઓ ભરેલું પીકઅપ ડાલું પ્રતિજ પોલિસ સ્ટેશને પડ્યું છે, પણ પોલીસને કે તંત્રને આ સ્કોટ કોને છે અને કોના પર ફરિયાદ કરવી તે સૂઝતું નથી. ત્યારે ભૂલકાઓ અને સગર્ભા માતાઓનો કોળિયો છીનવી કોણ અને ક્યાં લઈ જઈ રહ્યું હતું જે માત્ર તપાસનો વિષય બની ગયો છે.

### નો ઓઈલ, નો શુગર પોલિસી લાગુ

# શિક્ષણ મંત્રાલયના બાબુઓ હવે નહીં ખાઈ શકે જલેબી-સમોસા

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલ બાદ શિક્ષણ મંત્રાલયે કેન્ટીનમાં 'નો ઓઈલ, નો શુગર' પોલિસી લાગુ કરી છે

નવી દિલ્હી, તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલની અસર હવે મંત્રાલયોની કેન્ટીન પર જોવા મળી રહી છે. શાસ્ત્રી ભવનમાં આવેલ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયની કેન્ટીનમાં હવે મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. અહીં હવે સમોસા, પકોડા, જલેબી કે પછી બીજી કોઈપણ તેલયુક્ત અને મીઠી ખાદ્યવસ્તું મળશે નહીં. તેને બદલે હવે અહીં એવી ખાદ્યવસ્તું મળશે, જે સ્વાસ્થ્ય માટે ફાયદાકારક હોય.

આ નિર્ણય અચાનક લેવાયો નથી. થોડા સમય પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે આપણે આપણી ખાણીપીણીની આદતોમાં ફેરફાર લાવવો જોઈએ, ખાસ કરીને એવા લોકો માટે જેઓ ઓફિસમાં લાંબા સમય સુધી કામ કરે છે અને શારીરિક રીતે વધુ એક્ટિવ રહેતા નથી.

પીએમ મોદીની આ સલાહને ગંભીરતાથી લઈને શિક્ષણ મંત્રાલયે પોતાની કેન્ટીનમાં મોટું પગલું ભર્યું છે. હવે ત્યાં જે ખાદ્ય વસ્તુઓ મળશે, તેમાં તેલ અને ખાંડ નહીં હોય. આને 'નો શુગર, નો ઓઈલ' પોલિસી કહેવામાં આવી છે. હવે કેન્ટીનમાં દરરોજનું મેનૂ અગાઉથી નક્કી કરવામાં આવશે અને તેમાં ફક્ત સ્વાસ્થ્ય માટે ફાયદાકારક ખાદ્યપદાર્થો જ મળશે. ઉદાહરણ તરીકે, ૭ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ કેન્ટીનમાં જે વસ્તુ બનાવવામાં આવી છે, તે નીચે મુજબ છે.-

સવારના નાસ્તામાંઃ પૌઆ, લોબિયા ચાટ, ચણા ચાટ અને ફ્રૂટ ચાટ.

- બપોરના જમવામાંઃ છોલે, ભાત, રાયતા અને સલાડ.
- સાંજના નાસ્તામાંઃ ફ્રૂટ ચાટ અને ભેળપૂરી.

મંત્રાલયનું કહેવું છે કે, જો કેન્ટીનમાં જ તળેલું અને મીઠી વસ્તુઓ નહીં મળે, તો લોકો તે ખાશે જ નહીં. આનાથી તેમની આદતો બદલાશે અને ધીમે ધીમે સ્વાસ્થ્યમાં સુધારો થશે. ઓફિસમાં કામ કરતા લોકો કલાકો સુધી કોમ્પ્યુટર સામે બેસે છે, તેમની શારીરિક મૂવમેન્ટ ઘણી ઓછી હોય છે. આવી સ્થિતિમાં જો તેઓ વારંવાર વધારે તેલવાળી વસ્તુઓ ખાશે, તો સ્થૂળતા, ડાયાબિટીસ અને હૃદય સંબંધી બીમારીઓનું જોખમ વધે છે. આથી હવે એવી વસ્તુઓ પીરસવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે જે પૌષ્ટિક હોય અને સરળતાથી પચી જાય તેવી હોય.શિક્ષણ મંત્રાલયને આશા છે કે જ્યારે અન્ય મંત્રાલયો અને સરકારી વિભાગો આ ફેરફાર જોશે, તો તેઓ પણ પોતાની કેન્ટીનમાં આવી જ વસ્તુઓ પીરસવાનું શરૂ કરશે. ખાસ કરીને એવી સંસ્થાઓમાં જ્યાં મોટી સંખ્યામાં કર્મચારીઓ દરરોજ જમે છે.

### રૂપિયા ૧ કરોડથી વધુનો લોકોને લગાવ્યો ચૂનો

# LICમાં કાયમી નોકરી આપવાના નામે કૌભાંડ આચરનારા વ્યક્તિની ધરપકડ

## આર્થિક ગુના નિવારણ શાખાની તપાસમાં ચીકેશ શાહ પાલડીનો રહેવાસી છે અને એક મોટો ઠગ હોવાનું સામે આવ્યું છે

અમદાવાદ, તા.૭

LICમાં કાયમી નોકરી આપવાના નામે કૌભાંડ આચરવામાં આવ્યું છે. ૪૦૦થી વધુ લોકોને નોકરી આપવાનો વિશ્વાસ આપીને રૂપિયા ૧ કરોડનો ચૂનો લગાવ્યો છે. આર્થિક ગુના નિવારણ શાખાએ છેતરપિંડી કેસમાં ગુનો નોંધીને આરોપીની ધરપકડ કરી છે. આરોપી વિરુદ્ધ અગાઉ પણ છેતરપિંડીના ગુના નોંધાયા છે, ત્યારે કોણ છે આ ઠગ જોઈએ આ અહેવાલમાં.

આર્થિક ગુના નિવારણ શાખાની કસ્ટડીમાં રહેલા ઠગ ચીકેશ શાહની છેતરપિંડી કેસમાં ધરપકડ કરવામાં આવી છે. આ ઠગે LICમાં કાયમી નોકરી આપવાના નામે છેતરપિંડી કરી છે. છેતરપિંડી કેસની વાત કરીએ તો LIC કોન્ટ્રાક્ટ પર કામ કરતા કર્મચારીઓ કાયમી થવા માટે કોર્ટમાં અરજી કરી હતી. જે બાદ કેસનું કોઈ નિરાકરણ નહીં આવતા કર્મચારીઓમાં અસંતોષ હતો. આ દરમિયાન મંદિરમાં એક કર્મચારીને ઠગ ચીકેશ શાહ મળ્યો હતો અને તેણે મુખ્યમંત્રી તેમજ દિલ્હીમાં અધિકારી સાથે સંપર્ક હોવાનું કહી લોકોને વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ આરોપી ઠગ ચીકેશ LICમાં કાયમી નોકરી આપવાનું કહીને રૂપિયા ૫ હજારથી ૧૦ હજાર વ્યક્તિ દીઠ પડાવ્યા હતા. આ પ્રકારે ગુજરાતના ૪૦૦થી વધુ કોન્ટ્રાક્ટ પર રહેલા કર્મચારીઓ પાસેથી રૂપિયા એક કરોડ જેટલી રોકડ મેળવીને છેતરપિંડી આચરી હતી. જેમાં આર્થિક ગુના નિવારણ શાખામાં અલગ અલગ બે છેતરપિંડીની ફરિયાદ નોંધાવવામાં આવી છે.આર્થિક ગુના નિવારણ શાખાની તપાસમાં ચીકેશ શાહ પાલડીનો રહેવાસી છે અને એક મોટો ઠગ હોવાનું સામે આવ્યું છે. ૫૬ વર્ષીય ઠગ ચીકેશ શાહ પર કોઈ શંકા ન કરે માટે લોકોને મિટિંગના બહાને બોલાવી પોતાને સારી ઓળખાણ અને વગ ધરાવતો હોવાનું કહેતો. આ દરમિયાન આરોપીએ નોટરાઈઝ ડેકલેરેશન કરી આપ્યું હતું અને ચેક આપીને ૩૧ જાન્યુઆરી સુધીમાં રૂપિયા પરત કરી આપવાની પણ ખાતરી આપી હતી. એટલું જ નહીં ભોગ બનનાર લોકોને તેણે દિલ્હી પણ બોલાવ્યા હતા અને પોતે દિલ્હી નહીં જઈને અલગ અલગ બહાના બતાવ્યા હતા. આમ કરીને છેલ્લા એક વર્ષથી લોકોને વિશ્વાસમાં લઈ છેતરપિંડી કરતો હતો. પોલીસ તપાસમાં ઠગ ચીકેશ વિરુદ્ધ અગાઉ કાગડાપીઠમાં કાપડના નામે ૫.૫ લાખનું ચિટિંગ કર્યું છે. એવી જ રીતે વર્ષ ૨૦૨૪માં ૧.૮૮ કરોડની છેતરપિંડીનો ગુનો નોંધાયો છે, જેમાં જમીનમાં રોકાણ કે ગાડીના ધંધામાં એકથી બે ટકા નફો આપવાની લાલચ આપી ઠગાઈ આચરી હતી. ઠગ ચીકેશની માનસિકતા કોઈ પણ લોકોને વિશ્વાસમાં લઈ ઠગાઈ આચરવાની ટેવ ધરાવે છે.

હાલ EOWએ ઠગ ચીકેશના ૭ દિવસના રિમાન્ડ મેળવીને તપાસ શરૂ કરી છે કે અન્ય કેટલા લોકોને ભોગ બનાવ્યા છે જે દિશામાં તપાસ શરૂ કરી છે.

### વિજેતા કલાકારોને રોકડ પુરસ્કાર અને ટ્રોફી એનાયત થશે

# ગુજરાતી ચલચિત્ર પારિતોષિક-૨૦૨૩ જાહેર કરવામાં આવ્યું

## આ નીતિ હેઠળ ગુજરાતી ફિલ્મોના કલાકારો અને કસબીઓને વિવિધ શ્રેણીઓમાં રોકડ પુરસ્કાર અને પારિતોષિકો એનાયત કરવામાં આવે છે

અમદાવાદ, તા.૭

ગુજરાત સરકાર દ્વારા ગુજરાતી સિનેમાને પ્રોત્સાહન આપવા માટે 'ગુણવત્તા સમન્વિત પ્રોત્સાહન નીતિ-૨૦૧૯' અંતર્ગત વર્ષ ૨૦૨૩ માટેના ગુજરાતી ચલચિત્ર પારિતોષિકોની જાહેરાત કરવામાં આવી છે. આ નીતિ હેઠળ ગુજરાતી ફિલ્મોના કલાકારો અને કસબીઓને વિવિધ શ્રેણીઓમાં રોકડ પુરસ્કાર અને પારિતોષિકો એનાયત કરવામાં આવે છે.વર્ષ ૨૦૨૩ દરમિયાન સિનેમાગૃહોમાં પ્રદર્શિત થયેલી ફિલ્મો માટે કુલ ૪૬ કેટેગરીમાંથી ૪૦ કેટેગરીમાં વિજેતાઓની પસંદગી કરવામાં આવી છે. રાજ્ય સરકાર આગામી સમયમાં એક ભવ્ય સમારોહનું આયોજન કરી આ વિજેતા કલાકાર-કસબીઓને સન્માનિત કરશે અને રોકડ પુરસ્કાર તથા ટ્રોફી એનાયત કરશે.આ પારિતોષિકોનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાતી ફિલ્મ ઉદ્યોગને વધુ ગુણવત્તાયુક્ત ફિલ્મો બનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે, જેથી ગુજરાતી સિનેમાનો વ્યાપ વધે અને તેને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ મળે. આ સન્માન સમારોહમાં કલાકારો, દિગ્દર્શકો અને ફિલ્મ ઉદ્યોગ સાથે જોડાયેલા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિ રહેશે.

### તંત્રએ જાહેર કર્યા હેલ્પલાઈન નંબર

# ગુજરાતના ૧૪૧ સહિત ૪૦૯ પ્રવાસીઓનું કરાયું રેસ્ક્યૂ

## ઉત્તરકાશી જિલ્લામાં કુદરતી આફતના કારણે 'ઓપરેશન જિંદગી' અંતર્ગત રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું

ઉત્તરકાશી, તા.૭

ઉત્તારાખંડના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. જેમાં ઉત્તરકાશી જિલ્લામાં ભારે વરસાદ અને પ્રાકૃતિક આફતના કારણે મોટી દુર્ઘટના સર્જાઈ છે, ત્યારે 'ઑપરેશન જિંદગી' અંતર્ગત રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ઉત્તરકાશી દુર્ઘટનામાં ગુજરાતના પ્રવાસીઓ ફસાયા છે. જેમાં ગુજરાતના ૧૪૧ સહિત ૪૦૯ પ્રવાસીઓનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. સમગ્ર મામલે તંત્રએ હેલ્પલાઈન નંબર જાહેર કર્યો છે.

મળતી માહિતી મુજબ, ઉત્તારાખંડના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે. તેવામાં વાદળ ફાટવાની ઘટના અને ભૂસ્ખલન થવાથી જનજીવન ખોરવાયુ છે. આ દરમિયાન ઉત્તરાખંડના પ્રવાસે ગયેલા ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, દિલ્હી, આસામ, કર્ણાટક, તેલંગાણા, પંજાબ સહિતના પ્રવાસીઓ ફસાયા હોવાનું સામે આવ્યું છે. જેમાં ગોત્રી સહિતના વિસ્તારોમાંથી કુલ ૨૭૪ લોકોને હર્ષિલ લવાયા કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકારનો સ્ટેટ ઈમરજન્સી કન્ટ્રોલ રુમ દ્વારા ઉત્તરાખંડ સ્ટેટ ઈમરજન્સી સેન્ટરનો સંપર્ક કરીને ફસાયેલા નાગરિકોની માહિતી મેળવી હતી. જેમાં રેસ્ક્યૂ કરાયેલાં લોકોમાં સૌથી વધુ ૧૪૧ ગુજરાતના છે. જેમાં અમાવાદના સૌથી વધુ ૯૯, બનાસકાંઠાના ૧૦, ભાવનગરના ૧૫ અને વડોદરાના ૫ સહિત કુલ ૧૪૧ ગુજરાતી પ્રવાસી સુરક્ષિત હાલતમાં છે. સમગ્ર મામલે ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના ૧૪૧ પ્રવાસીઓને પરત લાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

હાલની ખરાબ વાતાવરણની પરિસ્થિતિને ધ્યાને રાખીને આ પ્રવાસીઓનો એરલિફ્ટ પોસિબલ ન હોવાનું ત્યાંની સરકારે જણાવ્યું છે.

તંત્ર દ્વારા હેલ્પલાઈન નંબર જાહેર કરાયા છે. જેમાં જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, હરિદ્વાર ખાતે હેલ્પલાઈન નંબરોમાં ૦૧૩૭૪-૨૨૨૭૨૨, ૭૩૧૦૯૧૩૧૨૯, ૭૫૦૦૭૩૭૨૬૯ ટોલ ફ્રી નંબર-૧૦૭૭, ERSS ટોલ ફ્રી નંબર-૧૧૨ છે. જ્યારે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, દહેરાદૂન ખાતે હેલ્પલાઇન નંબરોમાં ૦૧૩૫-૨૭૧૦૩૩૪, ૨૭૧૦૩૩૫, ૮૨૧૮૮૬૭૦૦૫, ૯૦૫૮૪૪૧૪૦૪ ટોલ ફ્રી નંબર-૧૦૭૦. જ્યારે ગુજરાતના ગાંધીનગર જિલ્લાના કોઈ પ્રવાસી ફસાયા હોય તો જિલ્લા કલેકટર દ્વારા DEOC કંટ્રોલ રૂમના ફોન નંબર ૦૭૯૨૩૨૫૬૭૨૦ પર જાણ કરવા જણાવાયું છે.

મહારાષ્ટ્રના ૧૨૩, મધ્યપ્રદેશના ૨૧, ઉત્તર પ્રદેશના ૧૨, રાજસ્થાનના ૬, દિલ્હીના ૭, આસામના ૭, કર્ણાટકના ૫, તેલંગાણાના ૩ અને પંજાબના ૧ મુસાફરનો સમાવેશ થાય છે. તમામને સુરક્ષિત રીતે દહેરાદૂન લઈ જવામાં આવશે. ધરાલી સહિતના આસપાસના વિસ્તારોમાં જિલ્લા પ્રશાસન, ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ, ITBP, NDRF, સેના સહિત ઘણી એજન્સીઓ બચાવ કામગીરીમાં રોકાયેલી છે.

### માછીમાર હિતલક્ષી મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો

# માછીમારોને ૧૧ ઓગસ્ટથી બોટ માટે ડીઝલનું વિતરણ કરાશે

## સીઝન શરુ થવાના દિવસે જ ડીઝલ વિતરણ થતા બંદરો પર બોટનો ટ્રાફિક સર્જાય છે અને માછીમારોને વિવિધ અગવળતાઓ થાય છે

અમદાવાદ, તા.૭

માછીમાર સંગઠનો દ્વારા રાજ્ય સરકરને કરવામાં આવેલી રજૂઆતને વાચા આપતા મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલના માર્ગદર્શન હેઠળ વધુ એક માછીમાર હિતલક્ષી મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.આગામી તા.૧૬ ઓગસ્ટથી રાજયમાં શરુ થઇ રહેલી નવી માછીમારી સીઝન માટે માછીમાર ભાઈઓને બોટ માટે ડીઝલ વિતરણ તા.૧૧ ઓગસ્ટથી જ શરુ કરી દેવામાં આવશે.આ સંદર્ભે મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે ગુજરાત સરકાર દ્વારા પરિપત્રિત કરાયા મુજબ આગામી તા.૧૬ ઓગસ્ટથી નવી માછીમારી સીઝન શરુ થવા જઈ રહી છે.માછીમારી માટે જતા માછીમાર ભાઈઓની બોટ માટે સીઝન શરુ થાય ત્યારથી રાજ્ય સરકાર દ્વારા ડીઝલ વિતરણ કરવામાં આવે છે. સીઝન શરુ થવાના દિવસે જ ડીઝલ વિતરણ થતા બંદરો પર બોટનો ટ્રાફિક સર્જાય છે અને માછીમારોને વિવિધ અગવળતાઓ થાય છે.જેથી સીઝન શરુ થાય તે આગાઉ જ ડીઝલ વિતરણ માટેની પરવાનગી આપવા ગુજરાતના જુદા-જુદા વિસ્તારોમાંથી અનેક માછીમાર આગેવાનો અને સંગઠનો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. માછીમાર આગેવાનો અને સંગઠનોની આ રજૂઆત રાજ્ય સરકારને યોગ્ય જણાઈ આવતા, તાત્કાલિક ધોરણે આ મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.સીઝનની શરૂઆતમાં જ માછીમારો ભાઈઓને કોઈપણ મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે માટે પાંચ દિવસ અગાઉથી એટલે કે,તા.૧૧ ઓગસ્ટથી જ ડીઝલ વિતરણની કામગીરી શરુ કરવામાં આવશે.રાજ્ય સરકાર દ્વારા OBM બોટમાં ડીઝલની સહાય આપવા માટે એક વિશેષ સોફ્ટવેર તૈયાર કરીને સોફ્ટવેર મારફત માછીમારોને ડીઝલ સહાય આપવામાં આવે છે. તેવી જ રીતે કેરોસીન અને પેટ્રોલ માટે પણ એક વિશેષ સોફ્ટવેર તૈયાર કરીને સોફ્ટવેર મારફત જ કેરોસીન અને પેટ્રોલની સહાય આપવા માછીમાર આગેવાનો દ્વારા આ બેઠકમાં રજૂઆત કરવામાં આવી હતી. માછીમારોની આ રજૂઆતને હકારાત્મક વાચા આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે ડીઝલ સહાયની જેમ જ કેરોસીન અને પેટ્રોલની સહાય માટે પણ રાજ્ય સરકાર દ્વારા અલાયદો ઓનલાઈન સોફ્ટવેર વિકસાવવામાં આવશે. આ સંદર્ભે જરૂરી કાર્યવાહી કરવા મંત્રીએ સંબંધિત અધિકારીઓને આદેશ કર્યો હતો.

### જાહેરાત કે ફક્ત લોલીપોપ?

# સૌરાષ્ટ્રના ખેડૂતોને ૧૦ કલાક વીજળી-પાણીની જાહેરાત, પણ અમલ ક્યારથી? તારીખ ન આપી

## આ જાહેરાતોના અમલની કોઈ સ્પષ્ટ તારીખ કે સમયગાળો ન અપાતા સરકારની નીતિ પર અનેક સવાલો ઊભા થયા છે

રાજકોટ, તા,૭

વરસાદ ખેંચાતા ગુજરાત સરકારે સૌરાષ્ટ્રના ખેડૂતોને ખુશ કરવા માટે અનેક મોટી જાહેરાતો કરી છે.

કેબિનેટ બેઠક બાદ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રના નાગરિકો અને ખેડૂતોને 'સૌની યોજના' મારફતે નર્મદાનું વધારાનું પાણી અપાશે. આ સાથે સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમાં ખેતી માટે વીજળીનો પુરવઠો પણે ૮ કલાકથી વધારીને ૧૦ કલાક કરવામાં આવશે. આ નિર્ણયોથી ખેડૂતોમાં એક નવી આશા તો જાગી, પરંતુ આ જાહેરાતોના અમલની કોઈ સ્પષ્ટ તારીખ કે સમયગાળો ન અપાતા સરકારની નીતિ પર અનેક સવાલો ઊભા થયા છે.આ જાહેરાતોને લઈને વિપક્ષ કોંગ્રેસે સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસના નેતા પાલ આંબલિયાએ સીધો આક્ષેપ કર્યો હતો કે, સરકાર આવી જાહેરાતો કરીને માત્ર ખેડૂતો સામે 'ગાજર લટકાવે' છે. તેમણે કહ્યું કે, "ગુજરાતના ૮૦ ટકા વિસ્તારોમાં ૧૦ કલાક વીજળી આપવી શક્ય નથી. ખેડૂતોને માંડ ૧૦ મિનિટ પણ લાઈટ મળતી નથી." કોંગ્રેસે તો ત્યાં સુધી માગ કરી છે કે, મુખ્યમંત્રી અને આખી કેબિનેટ જમીની હકીકતથી વાકેફ નથી.

આજે કોંગ્રેસે આ મુદ્દે દ્વારકા ખાતેની PGVCL કચેરીનો ઘેરાવ કરીને ઉગ્ર વિરોધ પણ નોંધાવ્યો. તેમણે સવાલ ઉઠાવ્યો કે, વીજળીની ફરિયાદ નિવારણ માટે સ્ટાફ નથી હોતો, પણ વીજળી ચેકિંગ માટે તાત્કાલિક ગાડીઓ અને સ્ટાફ હાજર થઈ જાય છે. આમ સરકારે જાહેરાતો તો કરી દીધી છે, પરંતુ જ્યાં સુધી તેનો અમલ શરૂ ન થાય ત્યાં સુધી આ જાહેરાતો માત્ર રાજકીય નિવેદનો બનીને રહી જશે. આ સ્થિતિમાં ખેડૂતો અને નાગરિકો હવે એ જ સવાલ પૂછી રહ્યા છે કે આ સુવિધાઓનો લાભ તેમને ક્યારે મળશે?

### ઘાનામાં હેલિકોપ્ટર ક્રેશ

# રક્ષા અને પર્યાવરણ મંત્રીઓ સહિત ૮ લોકોના મોત થયા

ઘાના, તા.૭

ઘાનામાં હેલિકોપ્ટર દુર્ઘટનામાં બે મંત્રીઓના મોત થયા છે. સરકારી પ્રવક્તાએ જણાવ્યું કે, રક્ષા અને પર્યાવરણ મંત્રી સાથે અન્ય ૬ લોકોના મધ્ય અશાંતિ ક્ષેત્રમાં એક લશ્કરી હેલિકોપ્ટર દુર્ઘટનામાં મોત થયા છે. આ ઉપરાંત ચીફ ઓફ સ્ટાફ જુલિયસ ડેબ્રાહે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, રક્ષા મંત્રી એડવર્ડ ઓમાન બોઆમાહ અને પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ઈબ્રાહિમ મુર્તલા મુહમ્મદનું આ અકસ્માતમાં મોત થયું છે. મૃતકોમાં ઘાનાના ડેપ્યુટી નેશનલ સિક્યુરિટી કોઓર્ડિનેટર અને પૂર્વ કૃષિ મંત્રી અલ્હાજી મુનિરુ મોહમ્મદ તેમજ શાસક રાષ્ટ્રીય ડેમોક્રેટિક કોંગ્રેસ પાર્ટીના ઉપપ્રમુખ સેમ્યુઅલ સરપોંગનો સમાવેશ થાય છે. અગાઉ ઘાના સશસ્ત્ર દળોએ કહ્યું કે, વિમાન જેમાં ત્રણ ક્રૂ અને પાંચ મુસાફરો હતા, તે રડાર પરથી ગાયબ થઈ ગયું હતું.

આ હેલિકોપ્ટર સ્થાનિક સમય મુજબ ૦૯:૧૨ વાગ્યે રાજધાની અક્રાથી ઉડાન ભરી હતી અને એક રાષ્ટ્રીય કાર્યક્રમ માટે ઓબુઆસી શહેર જઈ રહ્યું હતું. જો કે, આ અકસ્માત કેવી રીતે થયો તે અંગે હજુ સુધી કોઈ માહિતી મળી નથી. ચીફ ઓફ સ્ટાફે દેશનો ધ્વજ અડધી કાઠીએ ફરકાવવાનો આદેશ આપ્યો છે. તેમણે રાષ્ટ્રપતિ જોન ડ્રામાની મહામા અને સરકાર વતી 'દેશની સેવામાં મૃત્યુ પામેલા સૈનિકો' પ્રત્યે સંવેદના વ્યક્ત કરી.

### ચૂંટણીમાં ગેરરીતિના આરોપો પર ભાજપનો જવાબ

# લાંબા સમયથી વિપક્ષમાં હોવાના કારણે રાહુલ ગાંધી તણાવમાં

## રાહુલ ચૂંટણીલક્ષી ભાષણો આપી રહ્યા છેઃ સંબિત પાત્રા

નવી દિલ્હી, તા.૭

રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ અને ભાજપ પર મત ચોરીના આરોપોનો જવાબ આપતાં ભાજપના સાંસદ સંબિત પાત્રાએ જણાવ્યું છે કે, રાહુલ ગાંધીએ દાવો કર્યો છે કે, જો મારી પ્રેસ કોન્ફરન્સનો જવાબ આપવામાં ન નહીં આવે તો તેના ઘાતક પરિણામો ભોગવવા પડશે. જો વિપક્ષ ભવિષ્યમાં સત્તા પર આવ્યું તો ચૂંટણી પંચના પ્રત્યેક અધિકારી વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરીશું. આ સાંસદની ભાષા નથી.

સંબિત પાત્રાએ આગળ કહ્યું કે, રાહુલ ગાંધી ચૂંટણીલક્ષી ભાષણો આપી રહ્યા છે. અમે પ્રજાના નોકર છીએ. તેમણે મત આપી અમને સેવા કરવા મોકલ્યા છે. બંધારણમાં પણ પંચ વિશે સ્પષ્ટપણે લખ્યું છે કે, જો કોઈ પંચ યોગ્ય જવાબદારીપૂર્વક કામ ન કરે તો તેની વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરવા માટે કોર્ટ પણ છે.

વધુમાં પાત્રાએ કોંગ્રેસ પર આક્ષેપ કર્યો હતો કે, આ પહેલીવાર નથી કે, રાહુલ ગાંધીએ અને કોંગ્રેસે આજ સુધી જે રાજ્યોમાં જીત હાંસલ કરી છે, ત્યાં પ્રેસ કોન્ફરન્સ યોજતા નથી. તે સમયે તેઓ ચૂંટણી પંચ પર આરોપ લગાવતા નથી કે, ચૂંટણીમાં ગેરરીતિ થઈ હોય, પછી તે હિમાચલ હોય કે, તેલંગાણા. લોકસભામાં પણ ૯૯ બેઠકોમાં જીત મળી તો ઉજવણી કરવા લાગ્યા કે, જુઓ લોકતંત્ર આવી ગયું. રાહુલ ગાંધીનું આ બેવડું વલણ તેમનો તણાવ રજૂ કરી રહ્યું છે. તેઓ લાંબા સમયથી વિપક્ષમાં હોવાથી તેઓ હવે તણાવમાં છે. જેને તમે આજની તેમની પ્રેસ કોન્ફરન્સમાં જોઈ શકો છે. તેમણે ચૂંટણી પંચને રીતસર ધમકાવ્યું છે.

### બેટ્સમેનને સળંગ બે બોલમાં છગ્ગા ફટકારતા બોલાચાલી

# આઈપીએલથી વિવાદમાં રહેલો ક્રિકેટર દિગ્વેશ રાઠી ફરી એકવાર મુશ્કેલીમાં

## સાઉથ દિલ્હી સુપરસ્ટાર્સના બોલર દિગ્વેશ રાઠીનો વેસ્ટ દિલ્હી લાયન્સ બેટ્સમેન અંકિત કુમાર સાથે શાબ્દિક ઝઘડો

નવી દિલ્હી, તા.૭

આઈપીએલથી વિવાદમાં રહેલો ક્રિકેટર દિગ્વેશ રાઠી ફરી એકવાર મુશ્કેલીમાં મુકાયો છે. આ વખતે દિલ્હી પ્રીમિયર લીગ (DPL) ની બીજી સીઝન દરમિયાન સાઉથ દિલ્હી સુપરસ્ટાર્સના બોલર દિગ્વેશ રાઠીનો વેસ્ટ દિલ્હી લાયન્સ બેટ્સમેન અંકિત કુમાર સાથે શાબ્દિક ઝઘડો થયો હતો. આ ઝઘડા પાછળનું કારણ માત્ર એટલું જ હતું કે, ઓપનર બેટ્સમેને સળંગ બે બોલમાં છગ્ગા ફટકાર્યા હતાં.

લખનૌ સુપર જાયન્ટ્સનો બોલર રાઠી આ વખતે આઈપીએલ ૨૦૨૫માં તેના નોટબુક સેલિબ્રેશનના કારણે વિવાદમાં રહ્યો હતો. તેમજ અન્ય બેટર્સ સાથે ચડસાચડસીના બનાવો પણ બન્યા હતાં. તેણે આઈપીએલ-૨૫માં ૧૪ વિકેટ ઝડપી હતી.

દિલ્હી પ્રીમિયર લીગમાં સાઉથ દિલ્હી સુપરસ્ટાર્સની બીજી મેચમાં રાઠીએ વેસ્ટ દિલ્હીના ઓપનર અંકિત કુમાર સાથે શાબ્દિક ઝઘડો કર્યો હતો. તે વેસ્ટ દિલ્હી સામે પાંચમી ઓવર રમી રહ્યો હતો. ત્યારે વિકેટનો પીછો કરી રહેલો રાઠી પાંચમા બોલ પર બોલિંગ સ્ટ્રાઈડ છોડીને બહાર નીકળી ગયો હતો. તેણે IPLમાં પણ આ પ્રકારનો દાંવ રમ્યો હતો. જો કે, તેના જવાબમાં, અંકિત પણ બેટિંગ કરતી વખતે પીચ પરથી બહાર નીકળી ગયો હતો. જેથી રાઠી ગુસ્સે ભરાયો હતો. બાદમાં રાઠીએ ગુસ્સામાં ક્લિન બોલ્ડ કરવા ગયો પરંતુ અંકિતે લગાતાર બે સિક્સ ફટકારતાં રાઠીને છેડ્યો હતો. આ સાથે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. ૧૮૬ રનનો પીછો કરી રહેલા વેસ્ટ દિલ્હીના ઓપનર્સે પ્રથમ ૧૧ ઓવરમાં ૧૧૮ રન બનાવ્યા હતાં. જેમાં સાઉથ દિલ્હીના કેપ્ટન આયુષ બદોનીએ છઠ્ઠી ઓવરમાં રાઠીને ત્રીજા સ્પેલ માટે ફરીથી બોલાવ્યો હતો. અંકિતે તેનું સ્વાગત સતત છગ્ગા - એક લોંગ-ઓન પર, બીજો ડીપ મિડ-વિકેટ પર ફટકાર્યા હતા અને બાદમાં રાઠી તરફ 'બે' નો ઈશારો કર્યો હતો. બોલરે ત્રણ ઓવરમાં ૦ વિકેટમાં ૩૩ રન આપ્યા હતાં.

અંકિતે માત્ર ૪૬ બોલમાં શાનદાર ૯૬ રન બનાવ્યા. તેની ઈનિંગમાં ૧૧ ચોગ્ગા અને છ છગ્ગાનો સમાવેશ થતો હતો. તેણે ક્રિશ યાદવ સાથે માત્ર ૧૪ ઓવરમાં ૧૫૮ રનની જંગી ઓપનિંગ ભાગીદારી નોંધાવી ટીમની જીતનો માર્ગ ખુલ્લો કર્યો હતો.

### રાહુલ ગાંધીનો ભાજપ અને ચૂંટણી પંચ પર આરોપ

# મહારાષ્ટ્ર ચૂંટણીમાં થઈ ગેરરીતિ, આ રહ્યા પુરાવા

## આ ચોરી પકડવા છ મહિનાનો સમય લાગ્યો : મહારાષ્ટ્રમાં ૪૦ લાખ મતદારો રહસ્યમયી : બેંગ્લુરૂમાં ૧ લાખથી વધુ મતની ચોરી

નવી દિલ્હી, તા.૭

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ વોટર લિસ્ટ વેરિફિકેશન (SIR) મુદ્દે ફરી એકવાર ચૂંટણી પંચની કામગીરી પર સવાલો ઉઠાવ્યા છે. તેમણે મહારાષ્ટ્ર અને કર્ણાટકના મતદારોની યાદી રજૂ કરતાં બંને રાજ્યોમાં નકલી વોટર્સ હોવાનો આરોપ મૂક્યો છે.

રાહુલ ગાંધીએ એક પ્રેસ કોન્ફરન્સ યોજી ચૂંટણી પંચની ધાંધલીનો પર્દાફાશ કરતાં કહ્યું કે, બંધારણનો પાયો વોટ છે. એવામાં આપણે વિચારવુ જોઈએ કે, શું યોગ્ય લોકોને વોટ આપવાનો હક અપાઈ રહ્યો છે, શું મતદારયાદીમાં નકલી મતદારોને જોડવામાં આવ્યા છે.

રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે, મહારાષ્ટ્ર ચૂંટણીમાં મતોની ચોરી થઈ. અમે મહારાષ્ટ્રમાં હારી ગયા. મહારાષ્ટ્રમાં ૪૦ લાખ મતદારો રહસ્યમયી છે. મતદાર યાદી મુદ્દે ચૂંટણી પંચે જવાબ આપવો જોઈએ અને જણાવવુ પડશે કે, મતદાર યાદી યોગ્ય છે કે, ખોટી? ચૂંટણી પંચ ઈલેક્ટ્રોનિક ડેટા કેમ નથી આપતી? અમે પંચ પાસે વારંવાર ડેટા મગાવ્યો હતો, પરંતુ તેમણે આપ્યો નહીં. તેમજ જવાબ આપવાનો પણ ઈનકાર કરી દીધો. રાહુલ ગાંધીએ કહ્યું કે, દેશમાં નકલી વોટિંગ થઈ રહ્યું છે. અમને આ ચોરી પકડવા માટે અમને ઘણો સમય લાગ્યો. અમે અમારા સ્તર પર તપાસ હાથ ધરી. છ મહિનાનો સમય લાગ્યો. અમે બેંગ્લુરૂ સેન્ટ્રલ લોકસભા બેઠકની મહાદેવપુરા વિધાનસભા બેઠક પર મતદારોની યાદી ચકાસી. જ્યાં અમે ૩૨૭૦૭ મતથી હાર્યા હતા. આ એક બેઠક પર ભાજપ ૧ લાખથી વધુ માર્જિનથી જીતી હોવાથી અમને શંકા ગઈ.

બેંગ્લુરૂ સેન્ટ્રલ લોકસભાની મહાદેવપુરા વિધાનસભા ચૂંટણીમાં ૬.૫ લાખ મતદાન થયુ હતું. જેમાં એક લાખ મત વધુ હતાં. તપાસ કરતાં જાણવા મળ્યું કે, એક લાખથી વધુ મતદારો ડુપ્લીકેટ હતાં, તેમજ ઘણાના સરનામા ખોટા હતા. જેમાં વધુ તપાસ હાથ ધરતાં જણાયું કે, ૪૦ હજાર મકાનોના સરનામાં જ શૂન્ય છે. ડુપ્લિકેટ મતદારોની સંખ્યા વધુ છે. ૧૧ હજાર લોકોએ ત્રણ વખત મત આપ્યો હતો. એક જ એડ્રેસ પર ૪૬ લાખ મતદારો અને એક જ રૂમના ઘરમાં ૮૦ મતદારો હતાં.

રાહુલ ગાંધીએ આગળ કહ્યું કે, અમારી તપાસમાં મતદારોની યાદીમાં ગેરરીતિ જોવા મળી છે. જેમાં ઘણા લોકોના પિતાના નામની આગળ કંઈક લખવામાં આવ્યું છે. મતદાર યાદીમાં ૪૦ હજાર મકાનોના સરનામા શૂન્ય છે. ડુપ્લીકેટ મતદારોની સંખ્યા અનેકગણી છે. ૧૧ હજાર લોકો સંદિગ્ધ છે. જેમણે ત્રણ વખત મત આપ્યો છે. એક જ સરનામા પર ૪૬ મતદારો છે. આ ચૂંટણી પંચ અને ભાજપની મિલીભગત છે.

આ પાંચ રીતથી થઈ રહી છે વોટ ચોરી

ડુપ્લિકેટ વોટર્સ

ફેક અને ઈનવેલિડ એડ્રેસ

એક જ સરનામા પર બલ્ક વોટર્સ

ઈનવેલિડ ફોટો

ફોર્મ ૬નો દુરૂપયોગ

### અજિત ડોભાલે કરી મોટી જાહેરાત

# ભારતની મુલાકાતે આવશે રશિયાના રાષ્ટ્રપતિ પુતિન

## પુતિનની ભારત મુલાકાત એવા સમયે થશે જ્યારે અમેરિકાએ રશિયન તેલ ખરીદી રોકવા બદલ ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે

નવી દિલ્હી, તા.૭

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે ગુરુવારે જણાવ્યું હતું કે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ટૂંક સમયમાં ભારતની મુલાકાત લેશે. મોસ્કોમાં હાજર ડોભાલે તારીખોનો ઉલ્લેખ કર્યો નથી, પરંતુ ઈન્ટરફેક્સ ન્યૂઝ એજન્સી અનુસાર, પુતિનની મુલાકાત ઓગસ્ટના અંતમાં થવાની સંભાવના છે.

NSA અજિત ડોભાલે કહ્યું, ભારત અને રશિયા વચ્ચે ખાસ સંબંધ છે, જેને અમે ખૂબ મહત્વ આપીએ છીએ. અમારી વચ્ચે ઉચ્ચ સ્તરીય સંપર્કો રહ્યા છે. રાષ્ટ્રપતિ પુતિનની ભારત મુલાકાત વિશે જાણીને અમે ખૂબ જ ઉત્સાહિત અને ખુશ છીએ. મને લાગે છે કે હવે તારીખો પણ ટૂંક સમયમાં નક્કી કરવામાં આવશે.

પુતિનની ભારત મુલાકાત એવા સમયે થશે જ્યારે અમેરિકાએ રશિયન તેલ ખરીદી રોકવા બદલ ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે. અજિત ડોભાલની રશિયા મુલાકાત પહેલાં, મોસ્કોએ ભારતના તેના વેપાર ભાગીદારો પસંદ કરવાના અધિકારને સમર્થન આપીને ટ્રમ્પ પર નિશાન સાધ્યું હતું. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે કહ્યું હતું કે રશિયા સાથે વેપાર સંબંધો તોડવા માટે દેશોને મજબૂર કરવા ગેરકાયદેસર છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે (૬ ઓગસ્ટ, ૨૦૨૫) ભારત પર ૨૫ ટકા વધારાનો ટેરિફ લાદતા એક નવા એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા હતા. ટ્રમ્પે ચેતવણી આપી હતી કે જો મોસ્કો શુક્રવાર (૮ ઓગસ્ટ, ૨૦૨૫) સુધીમાં યુક્રેનમાં યુદ્ધ રોકવા માટે સહમત નહીં થાય તો તેઓ રશિયન તેલના ખરીદદારો પર ગૌણ ટેરિફ લાદશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર લાદવામાં આવેલા ટેરિફનો જડબાતોડ જવાબ આપ્યો હતો. પીએમ મોદીએ કહ્યું કે ભારત તેના ખેડૂતોના હિત સાથે સમાધાન કરશે નહીં. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે રશિયા સાથે તેલ વેપાર માટે ભારત પર વધારાના ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી હતી. આ વધારાના ૨૫ ટકા ટેરિફ સાથે અમેરિકાએ હવે ભારત પર કુલ ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે. અમેરિકન રાષ્ટ્રપતિએ ગયા અઠવાડિયે ભારતમાંથી આયાત થતા માલ પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી હતી. આ સાથે તેમણે કહ્યું હતું કે તેઓ રશિયા સાથે વેપાર કરવા બદલ ભારત પર અલગ દંડ લાદશે. ત્યારબાદ તેમણે બુધવારે રશિયા સાથે વેપાર કરવા બદલ અલગ દંડ તરીકે ભારત પર અલગ ૨૫ ટકા ટેરિફ લાદ્યો હતો.

### વિદ્યાર્થીઓની ઓછામાં ઓછી ૭૫% હાજરી ફરજિયાત

# CBSE એ ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે નવી ગાઈડલાઈન બહાર પાડી

## અન્ય કોઈ ગંભીર કારણોસર વિદ્યાર્થીઓને હાજરીમાં ૨૫%ની છૂટ

નવી દિલ્હી, તા.૭

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) એ ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે નવી ગાઈડલાઈન બહાર પાડી છે, જેમાં બોર્ડની પરીક્ષા આપવા માટે વિદ્યાર્થીઓની ઓછામાં ઓછી ૭૫% હાજરી ફરજિયાત છે. જોકે, મેડિકલ ઈમરજન્સી, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય રમતોમાં ભાગ લેવો અથવા અન્ય કોઈ ગંભીર કારણોસર વિદ્યાર્થીઓને હાજરીમાં ૨૫%ની છૂટ આપવામાં આવી છે.

અહેવાલ અનુસાર, મેડિકલ ઈમરજન્સી, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય રમતોમાં ભાગ લેવા અંગે વિદ્યાર્થીઓએ યોગ્ય પુરાવા અને રેકોર્ડ શાળામાં જમા કરાવવા પડશે. તેમજ લેખિત અરજી વિનાની કોઈપણ રજાને ગેરહાજરી ગણવામાં આવશે જેથી મેડિકલ કે અન્ય કારણોસર રજા લેનારા વિદ્યાર્થીઓએ રજાના સમયગાળા દરમિયાન યોગ્ય ડોક્યુમેન્ટ સાથે શાળામાં અરજી કરવાની રહેશે.

આ ઉપરાંત બોર્ડે જણાવ્યું છે કે શાળાઓએ નિયમિતપણે દેખરેખ રાખવી પડશે અને હાજરીનો રેકોર્ડ પણ જાળવવો પડશે. તેમજ હાજરી રજિસ્ટર દરરોજ અપડેટ થવું જોઈએ અને તેના પર વર્ગશિક્ષક અને શાળાના સક્ષમ અધિકારીની સહી હોવી જોઈએ. જો કોઈ વિદ્યાર્થી વારંવાર શાળાએ ગેરહાજર રહે છે, તો વાલીઓને લેખિતમાં જાણ કરવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે. CBSEના નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે, નિયમિત હાજરી ફક્ત બોર્ડની પરીક્ષાની જરૂરિયાતો પૂરી કરવા માટે જ નહીં, પરંતુ એક જવાબદાર અને કુશળ વ્યક્તિત્વના વિકાસ માટે પણ જરૂરી છે. CBSE વિદ્યાર્થીઓની હાજરીના રેકોર્ડની ઓચિંતી તપાસ પણ કરી શકે છે. જો આવા નિરીક્ષણ દરમિયાન રેકોર્ડ અધૂરા અથવા ખોટા જણાય, તો શાળાની માન્યતા રદ થવા સુધીની કડક કાર્યવાહી પણ થઈ શકે છે.

### ડોનાલ્ડ ટ્રમ્પના ૫૦% ટેરિફ પર પીએમ મોદીનો વળતો જવાબ

# ખેડૂતો, માછીમારો અને ડેરી ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોના હિત સાથે સમજુતી નહીં

## વડાપ્રધાન મોદીએ કહ્યું કે, અમે ખેડૂતોની આવક વધારવા, ખેતી ખર્ચ ઘટાડવા તેમજ આવકના નવો સ્ત્રોત ઊભા કરવાના લક્ષ્યાંક પર કામ કરી રહ્યા છીએ

નવી દિલ્હી, તા.૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરૂવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર લગાવવામાં આવેલા ટેરિફને લઈને વળતો જવાબ આપ્યો છે. પીએમ મોદીએ કહ્યુ કે ભારત પોતાના ખેડૂતોના હિત સાથે કોઈ સમજુતી કરશે નહીં.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે રશિયા સાથે તેલ વેપાર માટે ભારત પર વધારાના ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી હતી. આ વધારાના ૨૫ ટકા ટેરિફ સાથે, અમેરિકાએ હવે ભારત પર કુલ ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે. અમેરિકન રાષ્ટ્રપતિએ ગયા અઠવાડિયે ભારતમાંથી આયાત થતા માલ પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી હતી. આ સાથે, તેમણે કહ્યું હતું કે તેઓ રશિયા સાથે વેપાર કરવા બદલ ભારત પર અલગ દંડ લાદશે. ત્યારબાદ તેમણે બુધવારે રશિયા સાથે વેપાર કરવા બદલ અલગ દંડ તરીકે ભારત પર અલગ ૨૫ ટકા ટેરિફ લાદ્યો હતો.

પ્રધાનમંત્રી મોદીએ દિલ્હીમાં આયોજીત એક સંમેલનમાં ભાગ લેતા કહ્યુ કે ખેડૂતોનું હિત ભારતની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. પીએમ મોદીએ કહ્યુ કે ભારત ખેડૂતો, માછીમારો અને ડેરી ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોના હિત સાથે ક્યારેય સમજુતી કરશે નહીં. પીએમ મોદીએ સંમેલનમાં કહ્યુ- મારે ખેડૂતોના હિતોની રક્ષા માટે જે કિંમત ચુકવવી પડશે તે માટે હું તૈયાર છું. તમને જણાવી દઈએ કે અમેરિકા વેપાર મંત્રણાની શરૂઆતથી જ ભારતના કૃષિ અને ડેરી ક્ષેત્રમાં અધિકારોની માંગ કરી રહ્યું છે. પરંતુ ભારતે પહેલાથી જ અમેરિકાને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું હતું કે તે કૃષિ અને ડેરી ક્ષેત્ર માટે કોઈ સમાધાન કરશે નહીં.

વડાપ્રધાન મોદીએ આગળ કહ્યું કે, અમે ખેડૂતોની આવક વધારવા, ખેતી ખર્ચ ઘટાડવા તેમજ આવકના નવો સ્ત્રોત ઊભા કરવાના લક્ષ્યાંક પર કામ કરી રહ્યા છીએ. અમારી સરકારે ખેડૂતોની તાકાતને દેશની પ્રગતિનો આધાર માન્યો છે. આથી છેલ્લા કેટલાક વર્ષોમાં જે નીતિઓ ઘડવામાં આવી છે, તે માત્ર મદદ પૂરતી નહીં, પરંતુ ખેડૂતોની આવકમાં વધારો કરવાનો પ્રયાસ પણ હતો.

પીએમ સન્માન નીધિથી મળતી સહાયતા નાના ખેડૂતોને આત્મબળ આપે છે. પીએમ ફસલ બીમા યોજનાએ ખેડૂતોને જોખમો સામે રક્ષણ પૂરું પાડ્યું છે. સિંચાઈ સંબંધિત સમસ્યાઓ પીએમ કૃષિ સિંચાઈ યોજનાના માધ્યમથી દૂર થાય. નાના ખેડૂતોની સંગઠિત શક્તિ વધી છે. કો-ઓપરેટિવ અને સેલ્ફ હેલ્પ ગ્રૂપને આર્થિક મદદ પ્રદાન કરવામાં આવી છે. પીએમ કિસાન સંપદા યોજનાએ નવા ફૂડ પ્રોસેસિંગ યુનિટ અને સંગ્રહને વેગ આપ્યો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત પર ૨૫ ટકા વધારાનો ટેરિફ લાદ્યા પછી પણ સંતુષ્ટ નથી. તેમણે કહ્યું છે કે તેઓ રશિયા સાથે વેપાર કરવા બદલ ભારત પર ગૌણ પ્રતિબંધો પણ લાદશે.

ટ્રમ્પે કહ્યું કે ભારત રશિયા પાસેથી તેલ ખરીદવાના સંદર્ભમાં ચીનની ખૂબ નજીક છે અને હવે તેણે ૨૫ ટકા વધારાના ટેરિફ સાથે ૫૦ ટકા ટેરિફ ચૂકવવો પડશે. ગૌણ પ્રતિબંધો એ આર્થિક પ્રતિબંધો છે જે એવા દેશ (ભારત) પર લાદવામાં આવે છે જે એવા દેશ (રશિયા) સાથે વેપાર કરે છે જેના પર પ્રાથમિક પ્રતિબંધો પહેલાથી જ લાદવામાં આવ્યા છે.

### વરસાદ લાવે તેવી કોઈ સિસ્ટમ સર્જાયેલી નથી

# ગુજરાતમાં ઓગસ્ટ ચાલે છે પરંતુ વરસાદ વેકેશનના મૂડમાં

## આગામી સાત દિવસ એટલે ૧૩મી ઓગસ્ટ સુધીમાં ગુજરાતમાં ક્યાંય ભારે વરસાદની કોઈ આગાહી નથી

અમદાવાદ, તા.૭

ગુજરાતમાં ઓગસ્ટ ચાલે છે પરંતુ વરસાદ વેકેશનના મૂડમાં આવી ગયો હોય તેમ લાગી રહ્યું છે. હાલ ગુજરાતમાં વરસાદ લાવે તેવી કોઈ સિસ્ટમ સર્જાયેલી નથી. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, હાલ દક્ષિણ પશ્ચિમ દક્ષિણના પવનો ફૂંકાઈ રહ્યા છે. ત્યારે આગામી સાત દિવસ એટલે ૧૩મી ઓગસ્ટ સુધીમાં ગુજરાતમાં ક્યાંય ભારે વરસાદની કોઈ આગાહી નથી.

હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, છેલ્લા ૨૪ કલાક દરમિયાન કચ્છ, સૌરાષ્ટ્ર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદ પડ્યો હતો.

હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, સાતમીથી ૧૩મી ઓગસ્ટ સુધીમાં રાજ્યભરમાં અમુક સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી આપવામાં આવી છે. આગામી સાત દિવસ ક્યાંય ભારે વરસાદની આગાહી આપવામાં આવી નથી.

હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, દરિયાઈ સપાટી પરનો મોન્સૂન ટ્રફ હવે ફિરોઝપુર, ચંદીગઢ અને ત્યાંથી પૂર્વ દક્ષિણપૂર્વ તરફ હિમાલયની તળેટીઓ નજીક ઉત્તરપૂર્વ અરુણાચલ પ્રદેશમાં પસાર થયું છે. ગઈકાલે ઉત્તર ઉત્તર પ્રદેશના મધ્ય ભાગોથી કચ્છના ઉત્તરીય ભાગો સુધી પૂર્વ-રાજસ્થાન અને ઉત્તર ગુજરાતના મધ્ય ભાગમાં દરિયાઈ સપાટીથી ૩.૧ અને ૪.૫ કિમી ઉપર વરસાદ ઓછો થયો છે.

તો બીજી બાજુ હવામાન નિષ્ણાતે પોતાની આગાહીમાં જણાવ્યું છે કે, સાત અથવા આઠ તારીખથી તાપમાન વધ્યું હતું. તેમાં રાહત મળશે. સામાન્ય રીતે ઓગસ્ટ મહિનાના પ્રથમ અઠવાડિયામાં તાપમાન આટલું ઊંચું જતું નથી. સામાન્ય રીતે સપ્ટેમ્બરમાં જે તાપમાન હોય તે આ મહિનાની શરૂઆતમાં જોવા મળ્યું છે. જોકે, તેમાં એક બે દિવસમાં રાહત મળે તેવી શક્યતાઓ છે. ઓએલઆર ડાઉન થશે તો હવે છૂટાછવાયા વિસ્તારોમાં વાદળો જોવા મળશે. મિક્સ હવામાન જોવા મળશે અને તાપમાનમાં ઘટાડો થશે. સામાન્ય રીતે રાજ્યમાં ૨૬થી ૨૯ ડિગ્રી મહત્તમ તાપમાન ચાલી રહ્યું છે. તેમાં એક અથવા બે ડિગ્રીનો ઘટાડો નોંધાય તેવી શક્યતાઓ છે.

જોકે, હમણાં વરસાદની કોઈ શક્યતાઓ નથી. હવે પવનની ગતિમાં ઘટાડો થશે. ૭-૮ ઓગસ્ટથી પવનની ગતિમાં ઘટાડો થશે. સામાન્ય રીતે પવનની ગતિ ૧૬થી ૨૦ કિલોમીટરની હતી, તે હવે ઘટીને ૧૨થી ૧૫ કિલોમીટરની થશે. આમ, પવન અને તાપમાનમાં ઘટાડો થવાનો છે.

### પરિણીતાનું નવું ટ્રેલર રિલીઝ

# વીસ વર્ષ બાદ વિદ્યા બાલનની પહેલી મુવી જોવા મળશે

મુંબઈ, તા.૭

અભિનેત્રી વિદ્યા બાલન અને સૈફ અલી ખાનની મુવી પરિણીતાવર્ષ ૨૦૦૫ માં રિલીઝ થઈ હતી. હવે નિર્માતાઓએ ફરીથી મૂવીનું નવું ટ્રેલર રિલીઝ કરીને ચાહકોને આશ્ચર્યચકિત કર્યા છે.પરિણીતા મુવીમાં મુખ્ય ભૂમિકામાં વિદ્યા બાલન છે જે વર્ષ ૨૦૦૫ રિલીઝ થયું હતું, વિદ્યા બાલનએ બોલિવૂડમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી અને તેની પહેલી ફિલ્મનું નામ 'પરિણીતા' હતું. હવે આ ફિલ્મ ફરીથી સિનેમાઘરોમાં રિલીઝ થશે, જેનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. આ ટ્રેલરમાં ફરી એકવાર સૈફ અલી ખાન અને વિદ્યા બાલનનો રોમેન્ટિક અંદાજ જોવા મળે છે. આ ઉપરાંત ટ્રેલરની ગુણવત્તા દર્શકોને ખૂબ જ પસંદ આવી રહી છે. આ ઉપરાંત 'પિયા બોલે' ગીત ક્લાસિક ફિલ્મનો અહેસાસ આપી રહ્યું છે.વિદ્યા બાલન અભિનીત ફિલ્મ 'પરિણીતા' ૨૯ ઓગસ્ટના રોજ સિનેમાઘરોમાં ફરીથી રિલીઝ થશે જે દર્શકોને એક નવો અને રોમાંચક અનુભવ આપશે. 'પરિણીતા'ના ટ્રેલરમાં બતાવવામાં આવ્યું છે કે બે દાયકા પછી પણ ફિલ્મ તેના મ્યુઝિક, શાનદાર અભિનય અને મજબૂત સ્ટોરી સાથે પાછું તૈયાર કરવામાં આવ્યું છે.પરિણીતા મુવીનું નિર્દેશન પ્રદીપ સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યા બાલન અને સૈફ અલી ખાન ઉપરાંત, સંજય દત્ત અને દિયા મિર્ઝા પણ ફિલ્મમાં મુખ્ય ભૂમિકામાં જોવા મળ્યા હતા. ફિલ્મની સ્ટોરી વિશે વાત કરીએ તો બતાવવામાં આવ્યું છે કે લલિતા અને શેખર બાળપણના મિત્રો છે, પછી તેમની મિત્રતા પ્રેમમાં ફેરવાઈ જાય છે. ત્યારબાદ તેમનો પ્રેમ સમાજ અને પરિવારના નિયમો સામે સંઘર્ષ કરતો જોવા મળે છે.

# ટ્રમ્પના ૫૦ ટકા ટેરિફની ભારત ઉપર નહીં થાય વધુ અસર

## ટ્રમ્પના ૫૦ ટકા ટેરિફનો ભારત પર પ્રભાવ મર્યાદિત રહેશે કારણ કે ભારતનું સ્થાનિક બજાર મજબૂત છે

વોશિંગ્ટન, તા.૭

અબજોપતિ રોકાણકાર માર્ક મોબિયસે ગુરુવારે જણાવ્યું હતું કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર લાદવામાં આવેલા ૫૦ ટકા ટેરિફની દેશ પર ખૂબ ઓછી અસર પડશે, કારણ કે ભારતનું સ્થાનિક બજાર ખૂબ મોટું છે. અનુભવી રોકાણકારે કહ્યું કે ભારત ચીનની જેમ નિકાસ પર સંપૂર્ણપણે નિર્ભર નથી. આ કારણે, દેશ અન્ય અર્થતંત્રો કરતાં ટેરિફનો સામનો કરવા માટે સારી સ્થિતિમાં છે. તેમણે વધુમાં કહ્યું, ભારતનું સ્થાનિક બજાર ખૂબ મોટું છે અને તે ચીનની જેમ નિકાસ પર નિર્ભર નથી. આ ઉપરાંત, ભારતીય સોફ્ટવેર નિકાસ પણ સારી છે અને આ ટેરિફથી બચાવવાં મદદ કરશે.

મોબિયસે વધુમાં કહ્યું, આનો સારાંશ એ છે કે ટેરિફ ભારત માટે મોટી સમસ્યા નથી. દવાઓ અને સ્માર્ટફોન, સેમિકન્ડક્ટર અને ઉર્જા જેવા કેટલાક ઈલેક્ટ્રોનિક માલ સાથે સંબંધિત ઈં૩૦ બિલિયનથી વધુ મૂલ્યના શિપમેન્ટને અત્યાર સુધી અમેરિકા દ્વારા ઉચ્ચ ટેરિફ સૂચિમાંથી બહાર રાખવામાં આવ્યા છે. ટ્રમ્પ વહીવટીતંત્રે હજુ સુધી આ મુખ્ય ઉદ્યોગોને નવા ટેરિફમાં સામેલ કર્યા નથી, જે આગામી ૨૧ દિવસમાં અમલમાં આવવાના છે.

આ ઉપરાંત, ભારતે નાણાકીય વર્ષ ૨૫ માં અનુક્રમે $10.5 બિલિયન અને $14.6 બિલિયનના મૂલ્યની દવાઓ અને ફાર્માસ્યુટિકલ્સ તેમજ ઈલેક્ટ્રોનિક ઉત્પાદનો (મોટાભાગે સ્માર્ટફોન) ની નિકાસ કરી હતી, જે તેની યુએસમાં કુલ નિકાસના ૨૯ ટકા છે. નાણાકીય વર્ષ ૨૫ માં ઈં૪.૦૯ બિલિયનની પેટ્રોલિયમ નિકાસ પણ ટ્રમ્પના નવા ટેરિફથી હાલમાં સુરક્ષિત છે, કારણ કે ઊર્જાને ઉચ્ચ ટેરિફની યાદીમાંથી બાકાત રાખવામાં આવી છે. ભારતે નાણાકીય વર્ષ ૨૫ માં યુએસમાં ઈં૮૬.૫૧ બિલિયનની નિકાસ કરી હતી.

મોબિયસના મતે, ભારત જે પ્રકારનો GDP વૃદ્ધિ જોઈ રહ્યું છે તે તેને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાના માર્ગ પર આગળ વધવામાં મદદ કરશે. મોબિયસે કહ્યું, વૈશ્વિક અનિશ્ચિતતાઓ હોવા છતાં, દેશ ૬-૭ ટકાનો વિકાસ દર હાંસલ કરી રહ્યો છે, જે તેની અર્થવ્યવસ્થાની મજબૂતાઈ દર્શાવે છે. આ ભારતને આગળ વધવામાં મદદ કરશે. છેલ્લા કેટલાક વર્ષોમાં, ભારત વિશ્વની ૧૧મી સૌથી મોટી અર્થવ્યવસ્થાથી ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે. ૨૦૨૫૫માં કુલ ઘરેલુ ઉત્પાદન (GDP) ની દ્રષ્ટિએ, ભારત ફક્ત અમેરિકા, ચીન અને જર્મનીથી પાછળ રહેશે.

### મોંઘવારી ભથ્થાની જાહેરાત દિવાળી આસપાસ થશે

# કેન્દ્ર સરકારના કર્મચારીઓને દિવાળી પહેલા મોટા ખુશખબર મળી શકે

## આ વર્ષે મોંઘવારી ભથ્થામાં 3 ટકાનો વધારો થઈ શકે છે

નવી દિલ્હી, તા.૭

જે સમાચારની ૧ કરોડ લોકો આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે સમાચાર આવી ગયા છે. કેન્દ્રીય કર્મચારીઓના પગાર અને પેન્શનમાં વધારા અંગે નિર્ણય સામે આવ્યો છે.

કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી (DA) અંગે મોટું અપડેટ આવ્યું છે. સમાચાર છે કે જુલાઈ-ડિસેમ્બર માટે મોંઘવારી ભથ્થાની જાહેરાત દિવાળી આસપાસ થશે. એટલે કે આ વર્ષે દિવાળી ગિફ્ટના સંકેત પહેલેથી જ મળી ગયા છે. અત્રે જણાવવાનું કે ડીએ હાઈક અંગે કેન્દ્રીય કર્મચારીઓ આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનર્સને દિવાળી પહેલા મોટી ગિફ્ટ મળી શકે છે. જુલાઈ-ડિસેમ્બર ૨૦૨૫ માટેના મોંઘવારી ભથ્થામાં વધારાની જાહેરાત દિવાળી પહેલા થઈ શકે છે. સાતમાં પગાર પંચ હેઠળ કેન્દ્રીય કર્મચારીઓ માટે દર છ મહિને મોંઘવારી ભથ્થું નક્કી થાય છે. જેની ગણતરી નિર્ધારિત ફોર્મ્યૂલા અને મોંઘવારી દર પ્રમાણે નક્કી થાય છે.

જો કે આ અંગે કોઈ અધિકૃત જાણકારી સામે આવી નથી. પરંતુ સૂત્રો મુજબ આ વર્ષે મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો થઈ શકે છે. મોંઘવારી ભથ્થામાં જો આ રીતે વધારો થાય તો કેન્દ્રીય કર્મચારીઓનું ડીએ ૫૫ ટકાથી વધીને ૫૮ ટકા થઈ શકે છે. તે પહેલા જાન્યુઆરી ૨૦૨૫માં સરકારે ડીએમાં ૨ ટકાનો વધારો કરીને ૫૩થી ૫૫ ટકા કર્યું હતું. અત્રે જણાવવાનું કે શ્રમ બ્યૂરો તરફથી બહાર પડેલા આંકડા મુજબ જૂન ૨૦૨૫નો CPI-IW 145 રહ્યો છે. જ્યારે જુલાઈ ૨૦૨૪થી જૂન [redacted]

# સાવરકુંડલા : સનરાઈઝ સ્કુલના બાળકો દ્વારા જન્માષ્ટમી પર્વે વિવિધ કૃતિઓ રજુ કરાઈ



સાવરકુંડલા સનારાઈઝ સ્કૂલમાં બાલમંદિર અને પ્રાથમિક વિભાગનાં બાળકો દ્વારા જન્માષ્ટમી પર્વની ઉજવણી નિમિતે વિવિધ કૃતિઓ રજુ કરવામાં આવી હતી.

### ''નારી વંદન ઉત્સવ'' અંતર્ગત

## અમરેલી ખાતે માતૃશ્રી મોંઘીબા મહિલા કોલેજમાં સ્વરોજગાર ભરતી મેળો યોજાયો

### દરેક મહિલાઓ તથા વિદ્યાર્થીનીઓએ નોંધણી કરાવી



અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આટ્‌ર્સ કોલેજ–અમરેલી ખાતે તા.૪/૮/૨૫ના રોજ કોલેજ ઓડિટોરિયમ હોલમાં ગુજરાત સરકાર દ્વારા મહિલાઓના સશકતીકરણ માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નારી સંરક્ષણ અને સન્માન માટે ''નારી વંદન ઉત્સવ'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧ થી ૮ ઓગષ્ટ દરમ્યાન અલગ–અલગ વિષય પર મહિલાઓને કેન્દ્રમાં રાખી ઉજવણી કરવામાં આવે છે. તે અંતર્ગત મહિલા સ્વાવલંબન દિવસ નિમિતે મહિલાઓ માટે સ્વરોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત દરેક મહિલાઓ તથા વિદ્યાર્થિનીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.

કાર્યક્રમનો શુભારંભ આમંત્રિત મહેમાનો, મહિલા રોજગાર ભરતીમેળામાં આમંત્રિત મહિલાઓના હસ્તે દીપપ્રાગટયથી થયો. ત્યારબાદ ઉપસ્થિત તમામ અતિથિઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. જીલ્લા મહિલા અને બાળઅધિકારી શૈલેષભાઈ કણઝારિયાએ માતુશ્રી મોંઘીબા મહિલા આટ્‌ર્સ કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો. જી.વી. વેલિયતનું પુષ્પગુચ્છથી અભિવાદન કરી સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી.

ત્યારબાદ વિવિધ કચેરી અને કંપનીઓમાંથી આવેલ પ્રતિનિધિ જેમાં આલ્ફા ઓટોલીક, એલ.આઈ.સી., નીલકંઠ જવેલર્સ, શીતલ ફૂડ પ્રોડકટસ, એચ.ડી.એચ.સી. લાઈફ ઈસ્યોરન્સ, બોનાન્ઝા લ્યુક્ષ સલુન, આઈ.ટી.આઈ.ના વિવિધ કોર્સની માહિતી, રોજ ગારલક્ષી યોજનાઓની માહિતી, સર્વોદય ઉદ્યોગમંડળ જામનગર શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર વગેરેના પ્રતિનિધિઓએ પોતાના ફિલ્ડની માહિતી આપી. જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સુરેશભાઈ પાથરના વરદ્‌હસ્તે 'દીકરી વધામણા કીટ', અનાથ દીકરીને શૈક્ષણિક કીટ, વહાલી દીકરી યોજના અંતર્ગત કીટ અને સર્ટિફિકેટનું વિતરણ કરાયું. ત્યારબાદ કાર્યક્રમના અધ્યક્ષ સુરેશભાઈ પાથરે અધ્યક્ષીય પ્રાસંગિક ઉદ્‌બોધન દ્વારા રોજગારની અગત્યતા પર વિશેષભાર મૂકવામાં આવ્યો.

અધ્યક્ષીય ઉદ્‌બોધન બાદ ફિલ્ડ ઓફિસર પરેશભાઈ બલદાણિયાએ આભારદર્શન કરી કાર્યક્રમનું સમાપન કર્યુ. ત્યારબાદ ઈચ્છુક ઉમેદવારોના ઈન્ટરવ્યુ ગોઠવાયા અને અન્તે ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યુ.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા.ડો. વિલાસબેન સોરઠીયાએ કર્યુ હતું. આ કાર્યક્રમમાં કોલેજની વિદ્યાર્થિનીઓએ બહોળી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો. ગીરીશ વેલિયત તથા સમગ્ર સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી. જેના કારણે કાર્યક્રમ ખૂબ સારી રીતે સંપન્ન થયો. આજના આ કાર્યક્રમ બદલ અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, કિશોરભાઈ મહેતા, ચતુરભાઈ ખૂંટ તથા કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો. જી. વી.વેલિયત તેમજ વિદ્યાસભાના નિયામક ડો.ગીરીશભાઈ ભીમાણી, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવેલ.

### ભગીરથ યંગ ગૃપ દ્વારા તડામાર તૈયારીઓ

## અમરેલી ખાતે આવતીકાલે ભગીરથ જયંતીની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી

### શોભાયાત્રા, કથા, સમુહ પ્રસાદ સહિતનાં કાર્યક્રમો યોજાશે

અમરેલી, તા. ૭

અમરેલીમાં રક્ષાબંધનના પવિત્ર દિને ભગીરથદાદની જન્મ જયંતીની ઉજવણીનું આયોજન ભગીરથ યંગ ગૃપ દ્વારા કરવામાં આવેલ છે.

મા ગંગાની ધરતી ઉપર પધરામણી કરાવનાર ભગીરથદાદાની જન્મ જયંતી નિમિતે શનિવારે ૭ કલાકે ભગીરથદાદાનુ પૂજન, સવારે ૮ કલાકે શોભાયાત્રા શહેરના રાજમાર્ગો પર ફરશે. બપોરે ૧૨ કલાકે સમૂહ પ્રસાદ અને રાત્રિના ૯ કલાકે ભગવાન સત્યનારાયણની કથા યોજાશે તમામ કાર્યક્રમો શ્રી ગુર્જર જ્ઞાતી વાડી, જેશીંગપરા ખાતે યોજાશે.



આ કાર્યક્રમને સફળ બનાવવ ભગીરથ યંગ ગૃપના પ્રમુખ દિલીપભાઈ ભેસાણીયા, ઉપપ્રમુખ રસીકભાઈ પાથર, મંત્રી કલ્પેશભાઈ ધંધુકીયા, ખજાનચી રાજેશભાઈ તેજાણી, સહમંત્રી દિપકભાઈ બુટાણી સહિતના આગેવાનો ભારે જહેમત ઉઠાવી રહયા છે.

પાના ૮ ઉપરનું ચાલું

## લાઠીનાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી તરૂણી

તેણે આજથી આશરે ત્રણેક માસ પહેલા રાત્રીના કોઈપણ સમયે ભોગ બનનાર તરૂણીની ઈચ્છા વિરૂધ્ધ બળ જબરીપુર્વક તેણીનું અપહરણ કરી આરોપી પોતાની વાડીએ લઈ જઈ બળ જબરીપુર્વક શારિરીક સબંધ બાંધી બળ ાત્કાર આચરી શારિરીક અડપલા કરી ભોગબનનાર તરૂણીના ભાઈ તથા ભોગ બનનારને મારીનાખવાની ધમકી આપી ભોગબનનારને ત્રણ માસનો ગર્ભ રાખી દેતા આ બનાવમાં તરૂણીએ આરોપી સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## લીલીયા મોટાનાં નીલકંઠ સરોવરમાં

તેથી તંત્રને સ્થાનિક સરપંચ જીવનભાઈ વોરા દ્વારા જાણ કરાતા બનાવ સ્થળ પર લીલીયા પી.આઈ એમ.ડી.સાળુકે, તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ આચાર્ય, પાણી પુરવઠા અધિકારી દવે, ભાજપ અગ્રણી ભીખાભાઈ ધોરાજીયા તેમજ ગ્રામજનો અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ઘટના ગંભીર સમજી તાત્કાલિક યોગ્ય તપાસ થાય તેમજ નીલકંઠ સરોવરની આસપાસ પોલીસ દ્વારા બંદોબસ્ત ગોઠવી કોઈ જનાવર પાણી ન પીવે તે હેતુથી પી.આઈ સાળુંકે દ્વારા તળાવ ફરતા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી નાખવામાં આવેલ વિશેષ પાણીના સેમ્પલની લેબોરેટરી થયા બાદ ક્યાં પ્રકારનું કેમિકલ નાખવામાં આવેલ છે તે અંગે જાણકારી પ્રાપ્ત થશે તેમ ઈમરાન પઠાણ ની અખબારી યાદીમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## ધારી : નગરપાલિકામાં ગામજનોનાં

નિકાલ થતો ન હોય શહેર કોંગ્રેસ દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવેલ હતું.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, લગ્ન નોંધણી, શહેરમાં ઠેકઠેકાણે બંધ સ્ટ્રીટ લાઈટ, કાયમી ચીફ ઓફિસરનો અભાવ સહિતનાં પ્રશ્નોનું ૧૫ દિવસમાં નિરાકરણ કરવામાં આવે તો કોંગી આગેવાને રવિ હીરાણી આંદોલન કરવાની ચીમકી આપી છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીની નાગરિક બેન્કમાં

સંયુકત રીતે વસુલાત કરવા લવાદ કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. જે પરત્વે ટુંક સમયમાં આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૧) ચંદ્રેશભાઈ હકુભાઈ ધરજીયા, ઠે. શેરી નં.–૧, હનુમાનપરા, જી.આઈ.ડી.સી. પાસે, અમરેલી. રૂા. ૩૦,૧૭૮, (૨) તસ્લીમાબેન સમીરભાઈ પરમાર ઠે. બટારવાડી, ચાંદની ચોક, અમરેલી રૂા. ૪૫,૦૬૩, (૩) ફજલુરહેમાન હુશેરનરહેમાન કાદરી, ઠે. મદીના મસ્જીદ, જેલ રોડ, કસ્બાવાડ, અમરેલ. રૂા. ૪૨,૯૨૫, (૪) મુકેશભાઈ બચુભાઈ બગથલીયા, ઠે. શેરી નં.–૫, ચકકરગઢ રોડ, સરદારનગર, અમરેલી. રૂા. ૪૬,૩૬૧

બેંકની રીકવરીની કામગીરી અંગે દેખરેખ રાખનાર ડિરેકટર પી.પી. સોજીત્રાની યાદી જણાવે છે કે હજુ પણ ટુંક સમયમાં એવા સી.સી. ધારકો કે જેઓ લાંબા સમયથી સી.સી. રીન્યુ કરાવતા ન હોય કે વ્યાજ અને સ્ટોકપત્રક નિયમિત આપતા ન હોય તેઓની સામે કોઈપણની શેહશરમ વગર વસુલાત અંગેના સખ્ત પગલા ભરવામાં આવશે જેની લોન બાકીદારો, ડીફોલ્ટરોએ ગંભીર નોંધ લેવી.

પાના ૧ ઉપરનું ચાલું

## ધારી નજીકનાં જંગલમાં ૮ સિંહનો

કારણ વગર કયારે પણ માનવજાત ઉપર હુમલો કરતાં નથી. પરંતુ કેટલાંક ટીખળખોર લોકો ગેરકાયદે સિંહ દર્શનના કાર્યક્રમો કરી અને આ વનના રાજાને કાંકરીચાળો કરી અને સિંહોને છંછેડતા હોય છે. ત્યારે આવા છંછેડાયેલા સિંહો દ્વારા માનવીઓ ઉપર હુમલાઓ કરે છે. ત્યારે એક સિંહ પરિવાર ધારી નજીકના ગીર જંગલ વિસ્તારમાં એક ૮ સિંહનો પરિવાર જાણે ફોટા શેષન કરાવતાં હોય તેમ અલગ અલગ મુદ્રામાં પોઝ આપતા હોય તેવી રીતે મોબાઈલ કેમરેમાં કેદ થયા હતાં.

હમણાં ચોમાસામાં જંગલ વિસ્તારમાં વરસાદના કારણે જંગલે લીલી ચાદર ઓઢી હોય તેમ લીલીછમ વનરાય જોવા મળી છે. ત્યારે એક સિંહ પરિવાર ધારી નજીકના ગીર જંગલ વિસ્તારમાં એક ૮ સિંહો કુદરતી જાણે ફોટા શેષન કરાવતાં હોય તેમ અલગ અલગ મુદ્રામાં પોઝ આપતા હોય તેવી રીતે મોબાઈલ કેમરેમાં કેદ થયા હતાં.

હમણાં ચોમાસામાં જંગલ વિસ્તારમાં વરસાદના કારણે જંગલે લીલી ચાદર ઓઢી હોય તેમ લીલીછમ વનરાય જોવા મળી છે. ત્યારે સિંહો પણ આવા લીલીછમ ધરતીના આહલાદક કુદરતી વાતાવરણ વચ્ચે સિંહબાળ સાથે સિંહ પરિવાર આરામની મુદ્રામાં જોવા મળ્યા હતાં. ત્યારે કોઈ સિંહ પ્રેમી દ્વારા આ સિંહ પરિવારના અલગ અલગ મુદ્રામાં તસ્વીર આપતા જોવા મળ્યા હતાં. આ અંગેનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થવા પામેલ છે.


## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ હીતેષભાઈ એમ. મીઠાપરા** એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે, અમારી પાસેથી અમારા અસીલ **ગીતાબેન બટુકભાઈ આખજા**, વિ. ઉ.રે. બાબરા, જી. અમરેલી વાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે. તે મિલ્કત સંદર્ભ અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

બાબરા ગામની રહેણાંક માટેની મિલ્કત જે સિટી સર્વે નં. ૨૯૪૯, ચો.મી. ૪૭.૯૯૭૫, વાળી મિલ્કત જે **પટેલ વલ્લભભાઈ મેઘજીભાઈ કરકર, રજી દસ્તાવેજ નં. ૧૬૯ તા. ૦૩/૦૩/૧૯૯૭** રોજ અમારા અસીલે ખરીદ કરેલ હતી. તે મિલ્કતનું ટાઈટલ કલીયર માંગેલ છે.

તે મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સરકારી કે અર્ધ સરકારી – અર્ધ સરકારી સંસ્થાનુ હિત સમાયેલ હોય કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈમસ/વ્યકિત નો લાગભાગ, હકક–હિસ્સો આવેલ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીત આધાર પુરવા સાથે નીચે જણાવેલ સરનામે રજી.પોસ્ટ એ.ડી. થી જણાવવું, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખું નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રિપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ :– ૦૬/૦૮/૨૦૨૫
ઓફીસ, મામલતદાર ઓફીસ સામે,
ઠે.મર્કેનટાઈલ બેંક નીચે, મુ. બાબરા.
જિ.અમરેલી.મો. ૯૯૨૫૦ ૧૬૦૨૮

**હિતેષભાઇ એમ. મીઠાપરા**
**(એડવોકેટ એન્ડ નોટરી)**



## જાહેર નોટીસ

મોજે ધારેશ્વર (તા. રાજુલા) (જી. અમરેલી) મુકામે, (૧) મનુભાઈ હરજીભાઈ વેકરિયા તથા (૨) વિઠલભાઈ હરજીભાઈ વેકરિયા (૩) મનસુખભાઈ હરજીભાઈ વેકરિયાની સંયુકત માલીકી કબ્જા ભોગવટાની, જમીન સર્વે નં. ૧૦૮ પૈકી ૪, હે. ૧–૧૪–૩૨, આકારના રૂા. ૬–૮૧ પૈસા, ખાતા નં. – ૨૪૦, ની જમીન આવેલ છે, સદરહુ જમીન, ધારેશ્વર ગામનાં રેવન્યુ રેકર્ડમાં (૧) મનુભાઈ હરજીભાઈ વેકરિયા તથા (૨) વિઠલભાઈ હરજીભાઈ વેકરિયા (૩) મનસુખભાઈ હરજીભાઈ વેકરિયાનાં ઉત્તરોત્તર રીતે તેઓના નામે ટ્રાન્સફર થયેલ છે. અને સદરહું જમીન અંગે રાજુલાનાં મે. પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં ચાલતા રેગ્યુલર સિવિલ કેસ નંબર–૭૬/૨૦૧૩માં થયેલ સમાધાન થયેલ છે.

ઉપર જણાવેલ જમીન, (૧) મનુભાઈ હરજીભાઈ વેકરિયા તથા (૨) વિઠલભાઈ હરજીભાઈ વેકરિયા (૩) મનસુખભાઈ હરજીભાઈ વેકરિયા, પાસેથી અમારા અસીલ ધરમશીભાઈ મોહનભાઈ વેકરિયા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી માલિકી હકકે અઘાટ ખરીદ કરવા માંગે છે, જેથી સદરહુ ઉપર જણાવેલ જમીન પરત્વે જો કોઈનુ કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો કે વારસાઈ હકક કે ભરણ પોષણનો હકક કે બેંકનો બોજો, લીયન કે કોઈપણ ત્રાહીત વ્યકિતનો હકક હિત હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ–૧૫ (પંદર)માં નીચે જણાવેલ સરનામે અમોને લેખીત દસ્તાવેજ આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈનો વાંધો તકરાર નહી, આવે તો ઉપરોકત જમીનમાં કોઈનુ કાઈપણ પ્રકારનો લાગભાગ હકક હિત, હિસ્સો, વારસાઈ હકક કે ત્રાહીત વ્યકિતનું લેણુ કે બોજો કે લિયન નથી, અને હોય તો તે જતા (WAIVE) કરેલ છે. તેમ સમજી મારા અસીલ સદરહું જમીન ખરીદ કરશે. ત્યારબાદ જો કોઈનાં વાંધા તકરાર આવશે, તો તે મારા અસીલને શુધ્ધ બુધ્ધિનાં ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી. જેની તમામે ગંભીરપણે નોંધ લેવી.

સ્થળ : રાજુલા
તારીખ : ૦૬/૦૮/૨૦૨૫

::ઓફિસ::
એસ.ટી. સ્ટેશન પાસે, રાજુલા સીટી
જી. અમરેલી

**દિનેશ આર. નિર્મલ**
**એડવોકેટ એન્ડ નોટરી પબ્લીક**

**જતીન એ. પરમાર**
**એડવોકેટ**


## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ચણા | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ૨ | તલ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૩ | મેથી | ૮૫૫ | ૮૫૫ |
| ૪ | સોયાબીન | ૮૮૦ | ૯૦૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૬૧૮ | ૧૦૩૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૩૦ | ૧૧૬૦ |
| ૩ | શિંગદાણા | ૧૧૫૦ | ૧૪૦૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૫૬ | ૧૩૭૪ |
| ૫ | તલ સફેદ | ૧૦૯૦ | ૨૧૯૯ |
| ૬ | તલ કાળા | ૨૧૩૦ | ૪૧૩૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૨૦૦ | ૨૨૯૯ |
| ૮ | જુવાર | ૭૩૫ | ૮૫૧ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૭૧ | ૫૬૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૯૯ | ૬૦૨ |
| ૧૧ | મગ | ૯૧૦ | ૧૫૦૧ |
| ૧૨ | અડદ | ૭૭૦ | ૧૪૦૦ |
| ૧૩ | ચણા | ૧૦૦૫ | ૧૨૦૦ |
| ૧૪ | સફેદ ચણા | ૧૦૦૦ | ૧૧૭૬ |
| ૧૫ | તુવેર | ૧૦૧૦ | ૧૨૦૯ |
| ૧૬ | કપાસ | ૮૦૦ | ૧૬૮૫ |
| ૧૭ | એરંડા | ૧૧૩૦ | ૧૨૬૪ |
| ૧૮ | ધાણી | ૧૦૪૫ | ૧૪૦૦ |
| ૧૯ | અજમા | ૧૫૬૫ | ૧૫૬૫ |
| ૨૦ | મેથી | ૬૦૦ | ૮૩૦ |
| ૨૧ | સોયાબીન | ૭૦૪ | ૯૨૮ |
| ૨૨ | કાંગ | ૩૪૫ | ૫૭૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૫૦ | ૧૬૫૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૪૦ | ૧૬૧૦ |
| ૩ | મગફળી | ૯૭૦ | ૧૧૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૪૨૫ | ૧૯૧૫ |
| ૫ | તલ કાળા | ૨૬૦૫ | ૩૮૯૫ |
| ૬ | જીરૂ | ૩૧૧૦ | ૩૪૦૦ |
| ૭ | ઘઉં | ૪૫૫ | ૫૨૫ |
| ૮ | ચણા | ૧૦૧૦ | ૧૧૬૦ |
| ૯ | મગ | ૧૨૧૦ | ૧૪૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૧૦ | ૧૦૬૩ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૭૫ |
| ૩ | શીંગ દાણા | | ૧૩૧૦ |
| ૪ | તલ સફેદ | ૧૪૫૦ | ૧૯૭૩ |
| ૫ | તલ કાળા | ૩૪૦૦ | ૪૧૦૦ |
| ૬ | જીરૂ | ૩૦૦૦ | ૩૫૪૦ |
| ૭ | કપાસ | ૧૨૧૦ | ૧૬૬૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૭૫ | ૫૪૪ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૪ |
| ૧૦ | બાજરો | ૩૬૦ | ૫૨૭ |
| ૧૧ | મકાઈ | ૪૦૦ | ૫૦૦ |
| ૧૨ | મગ | ૧૩૦૦ | ૧૪૯૧ |
| ૧૩ | અડદ | – | ૧૪૨૫ |
| ૧૪ | ચણા | ૧૧૦૦ | ૧૧૭૫ |
| ૧૫ | તુવેર | ૧૨૦૦ | ૧૨૬૦ |
| ૧૬ | સોયાબીન | ૭૦૦ | ૮૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૧૫ | ૫૩૩ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૨૫ |
| ૩ | અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૪ | તલ કાળા | ૩૩૦૦ | ૩૩૦૦ |
| ૫ | સોયાબીન | ૯૦૦ | ૯૦૪ |
| ૬ | ઈસબગુલ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૭ | શીંગદાણા | ૧૦૮૦ | ૧૩૫૫ |
| ૮ | ધાણા | ૧૨૦૦ | ૧૪૧૫ |
| ૯ | મેથી | ૬૧૦ | ૬૧૦ |
| ૧૦ | તુવેર | ૧૦૦૦ | ૧૦૨૦ |
| ૧૧ | મગફળી | ૭૦૦ | ૮૦૦ |
| ૧૨ | ચણા | ૧૧૫૫ | ૧૧૭૫ |
| ૧૩ | ચણા સફેદ | ૧૦૪૦ | ૧૦૪૦ |
| ૧૪ | તલ સફેદ | ૧૧૪૦ | ૧૮૬૧ |
| ૧૫ | મગ | ૧૧૭૦ | ૧૨૫૫ |
| ૧૬ | શીંગફાડા | ૧૨૧૫ | ૧૨૭૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૭૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૯૧૬ |
| ૩ | તલ કાળા | ૩૯૦૧ | ૩૯૦૧ |
| ૪ | કપાસ | ૧૧૧૧ | ૧૧૧૧ |
| ૫ | બાજરો | ૩૫૦ | ૫૩૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૬૧ |
| ૭ | જુવાર | ૪૯૦ | ૮૦૦ |
| ૮ | ચણા | ૧૧૭૬ | ૧૧૭૬ |
| ૯ | સોયાબીન | ૮૫૧ | ૮૫૧ |

# અમરેલી : ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાએ કર્તવ્યમ કાર્યાલય ખાતે અરજદારોના પ્રશ્નો સંભાળ્યા






અમરેલી વિધાનસભાના ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયાએ પોતાના અમરેલી સ્થિત કર્તવ્યમ કાર્યાલય ખાતે અરજદારોની મુલાકાત લીધી હતી. લોકોને ભટકાવા નહીં પડે અને તેમની સમસ્યાઓનું તાત્કાલિક નિરાકરણ થાય એ હેતુથી તેઓએ વિભિન્ન ક્ષેત્રોના અરજદારોની અરજીઓ સ્વીકારી અને દરેક પ્રશ્ને ગંભીરતાથી ધ્યાન આપ્યું. અરજદારો દ્વારા પેનશન, જમીન વહિવટ, વૃદ્ધ પેન્શન, શિક્ષણ સહાય, આવાસ યોજના, પાણી–વિજળી જેવી મૂળ ભૂત સુવિધાઓ અને અન્ય નીતિગત મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતા. ધારાસભ્યએ દરેકની individually રજૂઆત સાંભળી અને સંબંધિત શાખાઓને તાત્કાલિક કાર્યવાહી કરવા માટે નિર્દેશ આપ્યા. તેમણે લોકોને આસન આપ્યું કે કોઈપણ ન્યાયસંગ્રહ વિલંબ ન થાય અને તમામ પ્રશ્નોનો યોગ્ય ઉકેલ લાવવામાં આવશે. ધારાસભ્યએ જણાવ્યું કે, ‘ ‘જનસંવાદ અને અરજદારોના પ્રશ્નોનું નિરાકરણ મારા કાર્યકાળની પ્રાથમિકતા છે.’’ આવી સીધી સંવાદ પ્રક્રિયા લોકોને વિસ આપે છે અને યોગ્ય ન્યાય માટેનો માર્ગ સરળ બનાવે છે.

### સર્વોદય સોસાયટી મહિલા સત્સંગ મંડળ દ્વારા

## અમરેલી ખાતે પાલણપીરના ઓટાનું રીનોવેશન સાથે ધાર્મિક કાર્યક્રમ યોજાયો

### ભાજપ અગ્રણી શૈલેષ પરમારે આર્થિક સહયોગ કર્યો



અમરેલી, તા.૭

સર્વોદય સોસાયટી મહિલા સત્સંગ મંડળ અમરેલી દ્વારા સર્વોદય સોસાયટીમાં શ્રી અજય પાળ દાદા એટલે કે પાલણદાદાના ઓટે ઘણા સમયથી વાર, તહેવાર તેમજ બીજ, પુનમના દિવસોએ સત્સંગ ચાલતો હોય તેમજ ધાર્મિક પ્રવૃત્તિ થતી હોય જે ઓટો ઘણા સમયથી જર્જરીત થઈ ગયેલ હોય આ પાલણદાદાના ઓટાનું કામ કરવાની અને રીનોવેશનનું કામ કરવાની મહિલા સત્સંગ મંડળની ઈચ્છા હોય જેથી મહિલા સત્સંગ મંડળ સર્વોદય સોસાયટી તેમજ આજુબાજુની સોસાયટીઓના પ્રયાસોથી અજેપાળદાદાના ઓટાનું રીનેશન કામ કરવામાં આવેલ અને બાદમાં રિનોવેશન કામ પૂર્ણ થતા આ પાલણ દાદા ના ઓટા પર જે અગાઉથી બિરાજમાન હતા તેવા શ્રી રામના પૂર્વજ અજયપાળ દાદા તથા તેમના સાથે ભગવાન શ્રી શંકરદાદા, શ્રી બાબરા દાદા, સુકતિમાતા તથા શ્રી હનુમાનજી મહારાજ એમ પાંચે ભગવાનને પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મેઘવાળ સમાજના પ્રખર વેદ શાસ્ત્રોમાં નીપુંણ એવા ગોરદાદા દ્વારા કરવામાં આવેલ આ પ્રસંગે ગોરદાદાઓએ અજેપાળ દાદા ને તથા તેમની સાથે બિરાજેલ શ્રી શંકર ભગવાન, શ્રી બાબરા દાદા, શ્રી સૂક્તિ માતા, તથા શ્રી હનુમાનજી મહારાજની મૂર્તિઓને સમાજવાડી અમરેલી ખાતેથી સામૈયા ઢોલ નગારા સાથે સામૈયાઓ કરેલ અને વિધિ વિધાનથી વેદોના ઉચ્ચારણની સાથે સર્વોદય સોસાયટી તેમજ આજુબાજુની સોસાયટીમાં મેઘવાળ સમાજના ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં હાજર રહી સામૈયા કરેલ અને બાદ પાલણદાદાના ઓટે આ ઉપરોક્ત ઈષ્ટ દેવોને વેદોના વાંચન કરી શાસ્ત્રોત વિધિથી પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા કરેલ આ પ્રાણ પ્રતિષ્ઠામાં વેદોમાં પ્રખર એવા ગર દાદા સર્વ ડાહ્યા આપા, નાનજી આપા, રામા આપા, તથા નાથાપાનાઓ હાજર રહી ચારે ગર દાદાઓએ બારમતી કરેલ અને મેઘવાળ સમાજના ભાઈઓને બહેનોએ બારંમતી બાદ સમૂહમાં પ્રસાદનું આયોજન કરેલ તેમજ ચિતલ રોડ સોસાયટીઓના મેઘવાળ સમાજના ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં હાજર રહેલ આ પાલણ દાદા એટલે કે અજેપાળ દાદાના ઓટામાં રિનોવેશનનું કામ કરવાનું હોય જે અમરેલી સર્વોદય સોસાયટી મહિલા મંડળના બહેનો સર્વ શારદાબેન જાડેજા નિવૃત્ત પોલીસ અધિકારી, મંજુલાબેન બગડા, મંજુબેન ચાવડા શારદાબેન રાઠોડ, દિવાળીબેન બથવાર લક્ષ્મીબેન બોચિયા, મણીબેન શેખા અરૂણાબેન મકવાણા માલુબેન પરમાર, દેવુંબેન ધાધલ દેવુમાડી લક્ષ્મીબેન વાળા, વિમળાબેન મયાત્રા, લક્ષ્મીબેન મહેતા વગેરે મહિલાઓની ઘણા સમયથી શ્રી અજયપાળ દાદા એટલે કે પાલણ દાદાના ઓટાનું કામ બાકી હોય જે કામ મહિલાઓને મહત્વકાંક્ષાને તેમજ તેમના અથાંગ પ્રયત્નોથી સર્વોદય સોસાયટીના આગેવાનો સર્વ કે.કે.વાળા, લક્ષ્મણભાઈ બગડા, મનુભાઈ ચાવડા, ડીડી રાઠોડ, રામજીભાઈ ચાવડા, વીરજી ખેતરીયા, ચંદુભાઈ બોચિયા, રમેશભાઈ બથવાર વિગેરેને આ અજયપાલદાદાના ઓટાનું રિનોવેશનનું કામ કરવાની જવાબદારી સોપેલ અને મહિલા મંડળ પાસે પડેલ ફાળાની રકમ આપેલ આ ફાળાની રકમમાંથી તેમજ ડોકટર આંબેડકર જન્મ જયંતી સમિતિમાંથી રૂપિયા ૨૦,૦૦૦ તેમજ સમાજવાડી અમરેલીએ તેમના ભંડોળમાંથી રૂપિયા ૨૦,૦૦૦ આ અજયપાળદાદાના ઓટાના રિનોવેશન કામ માટે આપેલા અને આ રકમમાંથી પોતાનું રેનેશનનું કામ પૂર્ણ કરેલ. બાદમાં આ ઓટા ઉપર લોખંડનું સ્ટ્રકચર તેમજ પત્તરા નાખવાના હોય જે દિવંગત હરિભાઈ પરમારની સ્મૃતિમાં માતૃ કંકુબેનની ઈચ્છા અનુસાર ભારતીય જનતા પાર્ટીના આગેવાન ન્યૂઝ ચેનલમાં ડિબેટ પ્રવક્તા શૈલેષભાઈ પરમાર ડેનીભાઈ પરમાર, તથા પ્રકાશભાઈ પરમારના સહયોગથી ૧,૦૧,૧૧૧ જેવી માતબર રકમથી અજેપાળદાદાના ઓટા ઉપર લોખંડના પતરા નાખી સ્ટ્રકચરનું કામ કરાવી આપેલ જે પ્રસંગે પરમાર પરિવારનું સમસ્ત મહિલા મંડળ તથા સમાજના આગેવાનો દ્વારા સાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ, આ સંપૂર્ણ અજયપાળ દાદા એટલે કે પાલણ દાદાના ફોટાનું કામ પૂર્ણ થતા સર્વોદય સોસાયટી મહિલા સત્સંગ મંડળ દ્વારા રાજીપો વ્યક્ત કરવામાં આવેલ હોવાનું લક્ષ્મણભાઈ બગડા તથા કેશુભાઈ વાળાએ જણાવેલ છે.

### બહુજન સમાજ પાર્ટી આવી મેદાનમાં

## અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ગંભીર બની હોય કાર્યવાહી કરવા માંગ

### અસામાજિક પ્રવૃત્તિ સામે લાલ આંખ થવી જરૂરી

અમરેલી, તા.૭

અમરેલી જિલ્લા બહુજન સમાજ પાર્ટીનાં પ્રમુખ જીવરાજભાઈ પરમારે જિલ્લામાં ફેલાયેલ દારૂ, ગાંજા જેવા દુષણ સામે નારાજગી વ્યકત કરી કાયદો અને વ્યવસ્થા મજબુત કરવાની માંગ કરી છે.

## રાજકોટ : યુવા સમાજ સેવક મિતલ ખેતાણીનો આજે જન્મદિવસ



અમરેલી, તા. ૭

સૌરાષ્ટ્રનાં જાહેર જીવનનાં અગ્રણી સ્વ. નરોતમભાઈ ખેતાણીનાં સુપુત્ર, ભારત સરકારનાં પશુપાલન અને ડેરીવિભાગ, નેશનલ એડવાઈઝરી કમિટીમાં સભ્ય, ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાનાં એવોર્ડએન્ડ ઈવેન્ટ કમિટીનાં સભ્ય, ગુજરાત સરકારનાં સ્ટેટ એનીમલ વેલફેર બોર્ડનાં સભ્ય, ભારતની પશુ સારવારનાંક્ષેત્ર કોઈ એક શહેરમાં કાર્યરત હોય તેવી સૌથી મોટી સંસ્થા શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ–એનીમલહેલ્પલાઈન, વેટરનરી હોસ્પિટલ, અબોલ જીવોનું અન્નક્ષેત્રનાં પ્રમુખ, તથા વૈશ્વીક સ્તરે જન, જંગલ, જમીન, જનાવર, જળની સુખાકારી માટે કાર્યરત વૈશ્વીક સંસ્થા સમસ્ત મહાજનનાં સંગઠન મંત્રી, જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટીનાં ટ્રસ્ટી, સમગ્ર વિશ્વનાં રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરીષદનાં પૂર્વ જોઈન્ટસેક્રેટરી, અખિલ સૈરાષ્ટ્ર–કચ્છ, રઘુવીર સેના–રાજકોટના પ્રમુખ તેમજ વિવેકાનંદ યુથ કલબ, વિવિધ ગૌશાળાઓ, ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન સહિતની અનેક સંસ્થાઓમાં તન–મન–ધનથી સક્રિય એવા યુવા સમાજસેવી મિતલ ખેતાણીનો તા. ૦૮, શુક્રવારનાં રોજ ૫૦મો જન્મદિન છે. અનેક વિધ સદ્કાર્યો દ્વારા જન્મદિવસની ઉજવણી કરાશે.

માનવ ધર્મનાં મહાન પ્રણેતા સદગુરૂ દેવ શ્રી રણછોડદાસજી મહારાજમાં મિતલખેતાણી અનન્ય શ્રધ્ધા ધરાવે છે. બાલ્યાવસ્થાથી જ લોહીનાં સંસ્કારને લઈને સેવાક્ષેત્રને વરેલા મિતલ ખેતાણીનું ભારત સરકાર, ગુજરાત સરકાર દ્વારા રકતદાન, ચક્ષુદાન, દેહદાન, અંગદાન, ગૌસેવા/ જીવદયા ક્ષેત્રે ઉલ્લેખનીય કામગીરી બદલ સન્માન થઈ ચૂકયું છે. ભારત ભામાશા પૂ. દીપચંદભાઈ ગારડીનાંવરદ હસ્તે, તેમનાં જ નામ સાથે જોડાયેલાં સેવાક્ષેત્રનો પ્રતિષ્ઠિત ’ગારડી એવોર્ડ’ મિતલ ખેતાણીને મળી ચૂકયો છે. ચિત્રલેખા દ્વારાસને– ૨૦૧૫માં’’યુવા પ્રતિભા’’ તથા ૨૦૨૫માં ભારતના ગૃહમંત્રી અમીતભાઈ શાહની ઉપસ્થિતિમાં યુવાપ્રતિભા’ અને વૈશ્વીક ગુજરાતી તરીકે વિશેષ લેખ પણ પ્રકાશીત થયેલ હતો. લેખક, કવિ એવા મિતલ ખેતાણી સારા વકતા પણ છે.’’ઓમઓનલી ન્યુઝ’’ ની પણ શરૂઆત મિતલ ખેતાણી કરી છે.

સાત વર્ષ પૂર્વે, દુષ્કાળ જેવી પરિસ્થિતીને લઈને ૭૦૦૦ જેટલા અબોલજીવો, ગૌમાતા માટે કરાયેલાં ૭ કેટલ કેમ્પોનાં સંચાલનમાં નિમીત બનેલા મિતલ ખેતાણી જન્મદિનનાં મંગલ પ્રસંગે ખાસ કરીને બાળકો–તરૂણો, યુવાનોમાં શાકાહારનો પ્રચાર–પ્રસાર થાય, માંસાહારનો ત્યાગ થાય તેવાં ઉમદા હેતુથી’’ વેજીટેરીયન સોસાયટી’’ ને વધુ ધમધમતી કરશે.

આઈ ટુ આઈ મીડીયા, એચ.ડી.એફ.સી., એરટેલ સહીતનાં કોર્પોરેટ સેકટરમાં સીનીયર મેનેજમેન્ટ ક્ષેત્રે ૧૫ વર્ષનો અનુભવ ધરાવતાં તેમજ અમેરીકા, યુરોપ, મીડલ ઈસ્ટ, નેપાળ સહિતનાં દેશોમાં અનેકવિધ નેશનલ–ઈન્ટરનેશનલ ઈવેન્ટસ/ કાર્યક્રમોનું સફળ સંચાલન કરીચૂકેલાં–સન્માનીત થયેલા ઈલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનીકેશન એન્જીનીયર મિતલ ખેતાણી વ્યવસાયે ’શાલીભદ્દ ડ્રીમ્સ’’ રેસીડેન્સીયલપ્લોટીંગનાં લેન્ડ ડેવલોપર્સ છે. સમગ્ર વિશ્વની ૩૦ લાખથી વધુ લોહાણાઓનું પ્રતિનિધીત્વ કરતી રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા પણ ‘વૈશ્વીક રઘુવંશી પ્રતિભા’ અને ’’શ્રેષ્ઠ રઘુવંશી ગૌસેવક’’ તરીકેનો ઈન્ટરનેશનલ, અતિ પ્રતિષ્ઠીત એવોર્ડ વૈશ્વીક અગ્રણીઓની ઉપસ્થિતીમાં, બે વાર મિતલ ખેતાણીને અપાઈ ચૂકયો છે. દિલ્હીનાં ગાંધી સ્મૃતિ મંદિર ખાતે ’’જીવદયા રત્ન’ એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે. સમાજમાં હકારાત્મકતા ફેલાય, ડીઝીટલ ટેકનોલોજીનો જ મહતમ ઉપયોગ થાય તેવા પવિત્ર અને ઉમદા આશયથી ’’ઓમઓનલી ન્યુઝ’’ મીડીયા ચેનલનો શુભારંભ કર્યો છે. જીવનસંગીની ડીમ્પલ, સુપુત્રો માનસ અને ધર્મ તેમજ પરીવારજનોની ઉપસ્થિતીમાં અને ગં.સ્વ. માતુશ્રી હરદેવીબેન નરોતમભાઈ ખેતાણીનાં આશીર્વાદ સાથે જીવનનાં આગામી વર્ષોમાં જીવદયા–ગૌસેવા, માનવતા, દર્દી નારાયણ તેમજ દર્દી નારાયણનાં લાભાર્થે મહત્વનું પ્રદાન કરવાનાં સ્વપ્નને સાર્થક કરવાનું ધ્યેય ધરાવતાં મિતલ ખેતાણીને આશીર્વાદ આપવા મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯.

‘સાહિત્ય સર્જક : હાસ્ય’
મિતલ ખેતાણી
૯૮૨૪૨ ૨૧૯૯૯


### નારી વંદન ઉત્સવ અંતર્ગત

## અમરેલી જિલ્લામાં વિવિધ સ્થળોએ ‘મહિલા નેતૃત્વ દિવસ’ની ઉજવણી

### નવા ખીજડીયા, વરસડા, ઢુંઢીયા પીપળીયા ગ્રામ પંચાયતમાં કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા.૭

નારી વંદન ઉત્સવ નિમિતે અમરેલી જિલ્લા મહિલા અને બાળ કચેરી દ્વારા 'મહિલા નેતૃત્વ દિવસ'ની ઉજવણી અંતર્ગત અમરેલી જિલ્લાની વિવિધ ગ્રામ પંચાયતોમાં કાર્યક્રમ યોજાયો હતો.

અમરેલી જિલ્લાનાં નવા ખીજડીયા, વરસડા, ઢુંઢીયા પીપળીયા ગ્રામ પંચાયતમાં મહિલાઓની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમો યોજાયો હતા.

જિલ્લા મહિલા બાળ અધિકારીના માર્ગદર્શન હેઠળ નવા ખીજડીયા ગ્રામ પંચાયત ખાતે પંચાયતના સભ્ય વિપૂલભાઈ કણબીના અધ્યક્ષ સ્થાને બાલિકા પંચાયતનાં સભ્યો અને ગ્રામ પંચાયતના મહિલા સભ્યોને મહિલા નેતૃત્વ દિવસ અંગે વિગતો આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં, નવા ખીજડીયા ગ્રામ પંચાયતના સભય સર્વ પારૂલબેન કણબી, ગીતાબેન વિરાણીનું મહિલા નેતૃત્વ દિન અંતર્ગત સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં, ગાવડકા સેજાનાં મુખ્ય સેવિકા દેવાંગીબેન ગોસ્વામી, તલાટી મંત્રી, ચાવડા, જિલ્લા મહિલા અને બાળ કચેરીમાંથી DHEW ટીમના સભ્યો ઉપસ્થિત રહયા હતા. તેમ અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારી કણજારીયાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ

## અમરેલી ખાતે છ દિવસીય યુવક સહકારી શિક્ષણ વર્ગનો શુભારંભ કરાયો

### કમાણી સાયન્સ અને પ્રતાપરાય આટર્સ કોલેજ ખાતે આયોજન



અમરેલી, તા. ૭

ગુજરાત રાજય સહકારી સંઘના દિશા નિર્દેશો અનુસાર અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી કમાણી સાયન્સ અને પ્રતાપરાય આટ્‌ર્સ કોલેજ ખાતે છ દિવસીય યુવક સહકારી વર્ગનો શુભારંભ કરવામાં આવ્યો. જેમાં અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા વિદ્યાર્થીઓને ૬ દિવસ સુધી અલગ અલગ વિષય નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ કાર્યક્રમનું કોઓર્ડીનેશન અમરેલી જિલ્લા સહકારી સંઘના સ્ટાઈ.સી.ઈ.આઈ સાગર મહેતા દ્વારા કરવામાં આવેલું હતું. જયારે યુવા નેતા મનીષ સંઘાણી દ્વારા સહકારી પ્રવૃતિના ઉદભવ અને દેશની આર્થિક ઉન્નતિમાં સહકારી પ્રવૃતિનો ફાળા વિષે માહિતી આપાઈ હતી આ ઉપરાંત કોલેજમાં ચાલી રહેલ કેમ્પસ કો–ઓપરેટિવને આગળ વધારવા માટે વિવિધ યોજનાઆ વિષે જણાવ્યુ હતું. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન જયંતીભાઈ પાનસુરીયા, ગુજરાત રાજય સહકારી સંઘના મહિલા સમિતિના ડિરેક્ટર ધારાબેન સંઘાણી, અમરેલી જિલ્લા સહકારી સંઘના ડિરેક્ટર ધીરૂભાઈ વાળા, કોલેજના પ્રિન્સિપાલ અતુલભાઈ પટેલ, યુથ વિગના ડાયરેક્ટર રાજભાઈ જાની, અમરેલી જિલ્લા સહકારી સંઘના મેનેજર ભાર્ગવભાઈ ત્રિવેદી, તેમજ ખરીદ વેચાણ સહકારી સંઘના મેનેજર સંઘાણી સાહેબ તેમજ સ્ટાઈ. મ.સી.ઈ.આઈ.રાજેશ્રીબા ઝાલા અને સહકારી અગ્રણીઓ તેમજ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# ગાંગડીયા નદીનાં જળ સાથે અંટાળીયા મંદિર સુધીની કેવડયાત્રા યોજાઈ



લીલીયા નજીકથી પસાર થતી ગાંયડીયા નદીના પટ્ટમાં પાર્થિવ શિવલિંગનું પૂજન કરી તેમાં કાવડમાં જળ ભરીને નજીક આવેલ સુપ્રસિધ્ધ અંટાળીયા મહાદેવ મંદિર સુધી પદયાત્રા કરીને પવિત્ર જળનો જળાભિષેક કરવામાં આવ્યો. ધન, ધાન્ય, બિલ્લીપત્ર અર્પણ કરવામાં આવ્યા, નટુદાદા ગોર એ ધાર્મિક વિધિ કરાવી હતી, આ કેવડયાત્રામાં ગુણવંતભાઈ આખજા, ધીરૂભાઈ આદ્રોજા, મહેશભાઈ ભીમજીયણી, સમીરભાઈ રાવલ, પિયુષભાઈ જોષી, કમલેશભાઈ મહેતા સહિતનાએ સર્વજન હિતાર્થે પ્રાર્થના કરી હતી.

## અમરેલી ખાતે ખોડલધામ ટ્રસ્ટ દ્વારા ઈફ્કો ચેરમેન દિલીપ સંઘાણીની ઉપસ્થિતિમાં

# ખોડલધામ ટ્રસ્ટને ૬૧ વિઘા જમીન આપનાર બાવકુભાઈ ઉંઘાડનું સન્માન

આજનાં મુડીવાદનાં માહોલમાં સૌ કોઈ માટે પૈસો પરમેશ્વર બન્યો છે તે સમયે સમાજ માટે જમીનનું દાન કરવુ એ ઉત્તમ કાર્ય

અમરેલી જિલ્લામાં છેલ્લા ૩૦ વર્ષમાં વડિયાનાં ઉંઘાડ પરિવારની સેવાની સુવાસ ફેલાઈ રહી છે

નાનામાં નાના વ્યકિતને પણ તમામ પ્રકારની મદદ ઉંઘાડ પરિવાર કરતો આવ્યો છે

લક્ષ્મીદેવીની અપાર કૃપા, રાજકીય અને સામાજિક ક્ષેત્રે અગ્રેસર છતાં સમગ્ર ઉંઘાડ પરિવારમાં માનવતા હંમેશા જોવા મળે છે











અમરેલી, તા. ૭

સમગ્ર વિશ્વમાં સુપ્રસિધ્ધ થયેલ ખોડલધામ મંદિરનું નિર્માણ કરનાર ખોડલધામ ટ્રસ્ટ ધ્વારા અનેક પ્રકારની સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે અને આ સેવાકીય પ્રવૃત્તિમાં જરૂરી ૬૧ વિઘા જમીનનું દાન વડિયાનાં ઉંઘાડ પરિવારનાં મોભી અને પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઉંઘાડે કરતાં અમરેલી ખાતે તેઓની ખોડલધામ ટ્રસ્ટ ધ્વારા સન્માન કરવામાં આવ્યું હત.

વડિયા પંથકનાં સમાજ સેવી ઉંઘાડ પરિવારની સેવાની સુવાસ છેલ્લા ૩૦ વર્ષથી સમગ્ર જિલ્લા ઉપરાંત સમગ્ર ગુજરાતમાં પ્રસરી છે. લક્ષ્મીદેવીની કૃપા, રાજકીય અને સામાજિક ક્ષેત્રે અગ્રેસર પરિવારની દરિયાદિલી, માનવતાથી સૌ કોઈ પરિચીત છે.

આજનાં મુડીવાદનાં માહોલમાં મામુલી રકમ માટે ભાઈ–ભાઈ, પિતા–પુત્ર, ભાઈ– બહેન કે પતિ–પત્ની અને મિત્ર–મિત્ર વચ્ચે ખૂન ખરાબા પણ થઈ રહ્યા છે. તેવા સમયે પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડે સમાજ સેવામાં ઉપયોગી થવાની ભાવના સાથે લાખો રૂપિયાની જમીન ખોડલધામ ટ્રસ્ટને અર્પણ કરીને માનવતા, સમાજ સેવાનું પ્રેરણાદાયી કાર્ય કર્યુ હોય અમરેલી ખાતે તેઓનું ઈફકો ચેરમેન દિલીપ સંઘાણીની ઉપસ્થિતિમાં વિવિધ સંગઠનો ધ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

---

નજીકનાં સગા હોય સબંધનો ગેરલાભ લીધો

## લાઠીનાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી તરૂણી સાથે પરિણીત યુવકે દુષ્કર્મ આચર્યુ

### તરૂણીને 3 માસનો ગર્ભ રાખી દેતા ફરિયાદ

અમરેલી, તા. ૭

મુળ દાહોદ પંથકની વતની અને હાલ લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૧૭ વર્ષની તરૂણીને દાહોદ જિલ્લાના પાટીયા જોળ ગામે રહેતા રાજુભાઈ ગભાભાઈ માવી નામના આરોપી પોતે પરિણીત હોય અને ભોગ બનનારના નજીકના સગા થતા હોય

અનુસંધાન પાના ૬ ઉપર

---

શહેર કોંગ્રેસ દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવાયુ

## ધારી : નગરપાલિકામાં ગામજનોનાં રોજબરોજનાં કાર્યોનો નિકાલ ન થતાં રોષ

### ૧૫ દિવસમાં યોગ્ય ન થાય તો આંદોલનની ચીમકી





ધારી, તા. ૭

ધારી ખાતે નવનિર્મિત પાલિકા કચેરીમાં વહીવટદારનું શાસન ચાલી રહ્યું છે. પાલિકામાં હાલમાં ચૂંટાયેલ પ્રતિનિધિઓનો અભાવ હોય તમામ કામગીરી સરકારી કર્મચારીઓને હવાલે હોવાથી ગામજનોનાં રોજબરોજનાં કાર્યોનો

અનુસંધાન પાના ૬ ઉપર

---

ગામડાઓ અને શહેરોમાં ફરતા રખડુ શ્વાન હિંસક બનતાં ચિંતા

## અને અમરેલીનાં જશવંતગઢ ગામ નજીક રખડુ શ્વાને ર વર્ષનાં બાળકને મો માં દબોચી દોટ મુકી

### જો કે બાળકનાં પિતાએ શ્વાનને ભગાડીને બાળકને બચાવી લીધો

### એક ફેકટરીમાં રહેતા શ્રમિક પરિવાર પર પણ આફત ત્રાટકી







અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લાનાં માનવ વસાહત ધરાવતા વિસ્તારમાં રખડુ શ્વાન, આખલાઓનો ખૌફ હોય અને ગીરકાંઠાનાં વિસ્તારમાં દીપડા, સિંહની રાડ વચ્ચે જિલ્લાની જનતાં જીવન પસાર કરી રહી હોય અને સુરક્ષાનું વચન આપતી સરકાર આ સમસ્યાનું નિરાકરણ કરતી નથી.

દરમિયાનમાં અમરેલીનાં જશવંતગઢ–રાંઢિયા માર્ગ ઉપર આવેલ એક ફેકટરીમાં વસવાટ કરતાં શ્રમિક પરિવારનો ર વર્ષનો બાળક રમતો હોય તે સમયે અચાનક ધસી આવેલ રખડુ શ્વાને બાળકને મોંમાં દબોચીને દોડ મુકતા બાળકનાં રડવાનો અવાજ સાંભળીને તેમના પિતા દોડીને આવી જતાં શ્વાનનાં મોં માંથી બાળકને બચાવી લઈ અને બાદમાં ચિતલનાં સરકારી દવાખને સારવારમાં લઈ ગયા હતા.

સમગ્ર ઘટના ફેકટરીનાં સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી.

---

બાકીદાર તેમજ જામીનદારની મિલ્કતમાંથી વસુલાત માટે

## અમરેલીની નાગરિક બેન્કમાં ૪ બાકીદારો વિરૂધ્ધ લવાદ કોર્ટમાં વસુલાત અંગે અરજી

### ડાયરેકટર પી.પી. સોજીત્રાએ બાકીદારો વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરી



અમરેલી, તા. ૭

અમરેલી નાગરિક સહકારી બેંક લી. દ્વારા બેંકની લોનના હપ્તા નિયમિત નહી ભરનાર કે સી.સી. નિયત સમયમાં રીન્યુ ન કરાવનાર કોર્ટે, ભાવનગરમાં લવાદ કેસ દાખલ કરતા નીચે મુજબના ડીફોલ્ટરો સામે લવાદ કોર્ટ દ્વારા બાકીદારો તથા જામીનો સામે દરેક પ્રકારની જંગમ કે સ્થાવર મિલકતમાંથી

અનુસંધાન પાના ૬ ઉપર


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
90,600/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૭/૦૮/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
Krishna Dining Hall
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૭૨

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ૪૪૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

હવે આપની ગોળ હોસ્પિટલ અમરેલીમાં....
ડો. રાજેન્દ્ર ત્રિવેદીનો ૩૯ વર્ષોનો ન્યુરો સ્પાઇન ક્ષેત્રે અનુભવ તથા ડો. પુનિત ત્રિવેદીના આધુનિક મેડિકલ સાયન્સનો ડબલ જનરેશન એડવાન્ટેજ

ડૉ.પુનિત ત્રિવેદી
MS DNB (Neurosurgery)
ફેલો ઈન એપિલેપ્સી, બ્રેઈન એન્ડોસ્કોપી એન્ડ સ્કલ બેઇઝ સર્જરી, મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત સર્જન
• માથાની ઇજા
• બ્રેઈન હેમરેજ
• ટ્રાઈજેમીનલ ન્યુરાલ્જીયા
• પક્ષઘાત (સ્ટ્રોક)
• એપિલેપ્સીની સારવાર તથા સર્જરી
• મગજ કે કરોડરજ્જુની ગાંઠ
• પિચ્યુટરીની ગાંઠ
• માથાનો દુ:ખાવો (માઇગ્રેન)
• મગજમાં પાણીનો ભરાવો (હાઇડ્રોસેફેલસ)
• મગજની નસમાં મોરલી (એન્યુરીઝમ)
• મણકા અને કરોડરજ્જુની નસની તકલીફો
તારીખ : ૮/૮/૨૦૨૫ – શુક્રવાર
એપોઈન્ટમેન્ટ માટે : ૯૯૭૮૯૬૬૬૨૯
સમય : સવારે ૧૦:૩૦ થી બપોરે ૧૨:૩૦ સુધી.
સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ) ચિત્તલ રોડ, અમરેલી
તપાસ ફી ૬૦૦/-
NETRA CHIKITSA TRUST MULTISPECIALITY HOSPITAL Managed by Netra Chikitsa Trust - Amreli (ગોળ હોસ્પિટલ)


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)